શ્રીગોપીનાથ પ્રભુચરણ

(પંચશતાબ્દિ મહોત્સવ)

પ્રકાશક : પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
(રાજકોટ)

પ્રકાશક:
પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
૨૧૪, અમરદિપ કોમ્પલેક્ષ,
૨-રજપુતપરા, રાજકોટ. (ગુજરાત)
ફોન : ૯૪૨૭૪ ૯૫૧૫૯

અનુવાદક-સમ્પાદક :
ગોસ્વામી શ્રીશરદ્કુમારજી (માંડવી-કચ્છ)

પ્રકાશનવર્ષ :
શ્રીવલ્લભાબ્દ ૫૩૨, વિ.સં. ૨૦૬૬

પ્રથમ સંસ્કરણ પ્રતિ : ૪,૦૦૦ વિ.સં.૨૦૬૬
દ્વિતીય સંસ્કરણ પ્રતિ : ૨,૦૦૦ વિ.સં.૨૦૬૭

ગ્રન્થપ્રકાશન સહાય : રૂ. ૩-૦૦
(પોસ્ટેજ-પેકેજિંગ્ : રૂ. ૨)

મુદ્રક : પૂર્વી પ્રેસ, રાજકોટ.

WWW.PUSHTIMARG.NET

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી - કચ્છ

ગ્રન્થ	પ્રકાશનસહાય

સામ્પ્રદાયિક પરીક્ષાની પાઠ્યપુસ્તકો

૧. પ્રવેશિકા, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી)	૧૦
૨. પ્રવેશિકા, લેખક : ,, ,, (અંગ્રેજી)	નિઃશુલ્ક
૩. પ્રવેશિકા, લેખક : ,, ,, (હિન્દી)	નિઃશુલ્ક
૪. પુષ્ટિપ્રવેશ-૧-૨, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી)	૨૦
૫. પુષ્ટિપ્રવેશ-૨, લેખક : ,, ,, (ગુજરાતી)	૧૦
૬. પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખક : ,, ,, (હિન્દી)	નિઃશુલ્ક
૭. પુષ્ટિપથ, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી)	
૮. પુષ્ટિપથ, લેખક : ગોસ્વામી શરદ્ (હિન્દી)	
૯. પ્રમેયરત્નસંગ્રહ, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી)	૨૫
૧૦. Manual of the devotionalpath of Pushti.(પુષ્ટિપ્રવેશ ૧-૨ તથા પુષ્ટિપથનો અંગ્રેજી અનુવાદ.)	૬૫

તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ
વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ (સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી)

૧૧. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા	૨૦૦
૧૨. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી	૧૫૦
૧૩. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી	૨૦૦
૧૪. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી	૧૫૦
૧૫. અન્ધકારવાદ વિદ્વત્સંગોષ્ઠી	૨૦૦
૧૬. વાલ્લભવેદાન્ત નિબન્ધસંગ્રહ, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક

સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા
વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન

૧૭. વાર્તાપરિચર્ચા	૧૫
૧૮. અધિકારપરિચર્ચા	૧૦૦
૧૯. સાધનાપ્રણાલી	૫૦
૨૦. પુષ્ટિભક્તિમાં કથા-ગુણગાન સાધના	૫૦
૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી	૫૦
૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી એક પૂરક પ્રશ્નોત્તરી	નિઃશુલ્ક
૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠી	૫૦
૨૩. જઘન્યાધિકાર સંગોષ્ઠી	૮૦
૨૪. પુષ્ટિભક્તિ-પ્રપત્તિમાં પ્રતિબન્ધ વિચારગોષ્ઠી	૧૦૦

નિત્યસ્તોત્રપાઠ

૨૫. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી)	૧૦
૨૬. પુષ્ટિપાઠાવલી (હિન્દી)	૧૦
૨૭. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત)	૨૦
૨૮. પુષ્ટિવિધાનમ્-૧ (પાઠાવલી, વ્રજભાષા)	અપ્રાપ્ય
૨૯. પુષ્ટિવિધાનમ્-૧ (પાઠાવલી, ગુજ.)	અપ્રાપ્ય

સન્દર્ભગ્રન્થો

૩૦. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા	૧૦
૩૧. Computer CD : ww.pushtimarg.net	અપ્રાપ્ય
૩૨. Summary of Shuddhadvait Vangmay, By Sharad Goswami	૧૫

અધ્યયનોપયોગી ગ્રન્થો

૩૩. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણમ્ (વ્રજભાષાટીકા) સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ	૫૦/૭૦
૩૪. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સર્વનિર્ણયપ્રકરણમ્ (વ્રજભાષાટીકા) સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ	૮૦/૧૦૦
૩૫. પુષ્ટિવિધાનમ્-૨ (વ્યાકરણમ્.)પદચ્છેદ, શબ્દપરિચય, સમાસવિગ્રહ, સંધિવિગ્રહ, અન્વય વગેરે સહિત	૧૦૦
૩૬. પુષ્ટિવિધાનમ્-૩ (વ્રજભાષાવિવૃતિ)	૮૦
૩૭. શ્રીભાગવત મહાપુરાણ (ગુર્જરભાષાનુવાદ)	૩૦૦
૩૮. ભાગવતાર્થપ્રકરણ, અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી	૧૦૦
૩૯. ગૃહસેવા અને વ્રજલીલા, વિવેચક : ગો.શ્રીશ્યામ મનોહરજી(ગુજ.)	નિઃશુલ્ક
૪૦. ગૃહસેવા ઔર વ્રજલીલા, વિવેચક : ગો.શ્રીશ્યામ મનોહરજી(વ્રજભાષા)	નિઃશુલ્ક
૪૧. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વિવેચક : ગો.શ્રીશ્યામ મનોહરજી(ગુજ.)અપ્રાપ્ય-	નિઃશુલ્ક
૪૨. રસદષ્ટિની તરફેણમાં, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી(ગુજ.)	નિઃશુલ્ક
૪૩. જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચન નું ૪૫૦ થી વધુ પાનામાં સંકલન.	૭૦
૪૪. સેવાકૌમુદી-નવધાભક્તિ (હિન્દી), વિવેચકઃ ગો. શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક
૪૫. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ	૭
૪૬. સિદ્ધાન્તનું આચમન, પ્રશ્નોત્તરી, ઉત્તરદાતા : ગો.શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક
૪૭. બ્રહ્મવાદભૂમિકા (હિન્દી), લેખક : ગો.શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક
૪૮. અમૃતવચનાવલી (ગુજરાતી), પ્રાચીન-અર્વાચીન-આધુનિક ગોસ્વામી આચાર્યોની સિદ્ધાન્તોક્તિનો રંગીન ચિત્રો સહિત સંગ્રહ	નિઃશુલ્ક
૪૯. અમૃતવચનાવલી (હિન્દી), પ્રાચીન-અર્વાચીન-આધુનિક ગોસ્વામી આચાર્યોની સિદ્ધાન્તોક્તિનો રંગીન ચિત્રો સહિત સંગ્રહ	નિઃશુલ્ક
૫૦. વિશોધનિકા ભાગ-૪ (ગુજ. અનુવાદ), લેખક : ગો.શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક
૫૧. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન, પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે.	૫૦
૫૨. ભક્તિવર્ધિની, વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક
૫૩. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ, વિસ્તૃત અહેવાલ	૨૫
૫૪. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની **૨૮ વાર્તાઓ,** લેખક : શ્રીભૂપેન્દ્રભાઈ ભાટીયા	૪૦
૫૫. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની **૬૪ વાર્તાઓ,** લેખક : શ્રીભૂપેન્દ્રભાઈ ભાટીયા	૪૦
૫૬. સેવા (ઋતુ-ઉત્સવ-મનોરથ) હિન્દી, વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક
૫૭. સેવા (ઋતુ-ઉત્સવ-મનોરથ) ગુજરાતી, વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી	નિઃશુલ્ક

ઈતિહાસ

૫૮. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી)	નિઃશુલ્ક
૫૯. આધુનિક ન્યાયપ્રણાલી ઔર પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી કા આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી)	નિઃશુલ્ક
૬૦. શ્રીગોપીનાથપ્રભુચરણ, શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઈતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. (ગુજ.-હિન્દી)	૨૫
૬૧. શ્રીકૃષ્ણચરિત્ર, ભાગવતના દશમસ્કન્ધનો ભાવાનુવાદ, લેખક : શ્રીનાનુલાલ ગાંધી	૮૦

શ્રીગોપીનાથ પ્રભુચરણ

સંક્ષિપ્તપરિચય :

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના જ્યેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજી (પ્રાકટ્ય આશ્વિન$^{\text{ગુર્જર ભાદ્રપદ}}$ કૃષ્ણ ૧૨, વિ.સં. ૧૫૬૭) નું સ્થાન પુષ્ટિમાર્ગમાં અનેરું છે. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગનું પ્રવર્તન કરવાના ભાગ રૂપે અનેક વખત પ્રચારયાત્રા કરી, અનેક ગ્રન્થોની રચના કરી, અનેક વખત શાસ્ત્રાર્થો કર્યા. આમ આપે તત્કાલીન કઠિન પરિસ્થિતિમાં દૈવી પુષ્ટિજીવોના કલ્યાણ માટે સ્વલ્પ સમયમાં કઠોર પુરુષાર્થ કરીને નિર્ગુણ પુષ્ટિભક્તિનો માર્ગ પ્રશસ્ત કર્યો. શ્રીમહાપ્રભુજીના સ્વધામ પધાર્યા બાદ શ્રીગોપીનાથજીએ શ્રીમહાપ્રભુજીનું કાર્ય હાથ ઊપર લીધું.

સાધનદીપિકા ગ્રન્થ :

પુષ્ટિમાર્ગીઓ સ્વવર્ણાશ્રમધર્મનું પાલન કરવાની સાથોસાથ પુષ્ટિસિદ્ધાન્તાનુસાર પુષ્ટિભક્તિમય જીવન નિર્વિઘ્નપણે જીવી શકે તે માટે આપે પુષ્ટિમાર્ગીની દિનચર્યાનું અત્યન્ત સરળ રીતે નિરૂપણ કરનારા 'સાધનદીપિકા' નામના અદ્ભુત ગ્રન્થની રચના કરી.

સેવાવિધિ-સેવાભાવના :

પુષ્ટિમાર્ગ પાસે તે સમયે શ્રીઠાકોરજીને જગાવવાથી લઈને પોઢાડવા સુધીની સાંગોપાંગ સેવાવિધિ કે સેવા સમ્બન્ધી ભાવના બતાવનાર કોઈ પણ ગ્રન્થ ઉપલબ્ધ ન હતો. શ્રીગોપીનાથજીએ શ્રીમહાપ્રભુજી પાસેથી મેળવેલ માર્ગદર્શન અનુસાર પુષ્ટિમાર્ગીય સેવાક્રમ અને તેના પાછળ રહેલી વ્રજલીલાત્મક ભાવના નું નિરૂપણ કરનાર **'નિત્યસેવાવિધિ'**ના શ્લોકોની રચના કરી. આજે પુષ્ટિમાર્ગમાં સર્વત્ર શ્રીગોપીનાથજી વિરચિત સેવાવિધિ અનુસાર જ શ્રીઠાકોરજીની સેવા કરવામાં આવે છે. આ સેવાવિધિને ઘણા લોકો શ્રીગુસાંઈજી ચિત માને છે જે બહુ મોટી ગેરસમજ છે.

ભાગવતપ્રેમ :

બાલ્યાવસ્થાથી જ શ્રીગોપીનાથજીને ભાગવત પુરાણ પ્રત્યે અતિશય આકર્ષણ હતું. સમ્પૂર્ણ ભાગવતનો પાઠ કર્યા પછી જ ભોજન કરવું એવો આપનો નિયમ હતો. ભગવત્સેવા, સન્ધ્યા-બ્રહ્મયજ્ઞાદિ શાસ્ત્રીય કર્મો, શાસ્ત્રાધ્યયન આદિ દૈનિક કર્તવ્યો ની સાથે-સાથે પ્રતિદિન ૧૮,૦૦૦ શ્લોકોનો પાઠ કરતાં ક્યારેક બે-ત્રણ દિવસો વીતી જતાં. આપનો નિયમ અત્યુત્તમ હોવા છતાં ભોજનની અનિયમિતતાનો વિપરીત પ્રભાવ બાળકના શારીરિક સ્વાસ્થ્ય ઊપર ન પડે તે હેતુથી શ્રીમહાપ્રભુજીએ સમગ્ર ભાગવતના સાર રૂપે **'શ્રીપુરુષોત્તમનામસહસ્ર'** ગ્રન્થની રચના કરી.

દેવદ્રવ્ય અને સ્વધર્મનિષ્ઠા :

શ્રીમહાપ્રભુજીએ એક વખત આજ્ઞા કરી હતી કે **''જે શ્રીઠાકોરજીનું દ્રવ્ય(તેનો પ્રસાદ) ખાશે તે મારો નહીં કહેવાય. ...જે દેવદ્રવ્યનો પ્રસાદ ખાશે તે મહાપતિત થશે''**. દામોદરદાસ સમ્ભલવારાનો ગોલોકવાસ થતાં તેમના શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીના ઘરે પધાર્યા ત્યારે શ્રીગોપીનાથજીએ જનશિક્ષાર્થ આજ્ઞા કરી કે **''આપનો કહેવડાવીને જે શ્રીઠાકોરજીની વસ્તુમાં પોતાનું મન બગાડશે તેનો નિમૂળ નાશ થશે''.**

શ્રીમહાપ્રભુજીના પ્રતિનિધિ, પુષ્ટિમાર્ગીય સેવાવિધિ-સેવાભાવના પ્રદર્શક, શ્રીમહાપ્રભુજીના હાર્દને જાણનારા શ્રીગોપીનાથપ્રભુચરણોનું પુષ્ટિમાર્ગીય પરમ્પરામાં અનન્ય સ્થાન છે જે [1]શ્રીગુસાંઈજી તેમજ [2]શ્રીપુરુષોત્તમજી વિરચિત મઙ્ગલ શ્લોકોથી સમજી શકાય છે.

યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખા-તિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનન્દનમ્ ।।

જન્મ લઈને સાંસારિક દુઃખોના સાગરમાં ડૂબવા જતો જીવ જેમની કૃપાથી બધા દુઃખોથી બચી જાય છે એવા શ્રીમહાપ્રભુજીના પુત્ર શ્રીગોપીનાથજીને હું સર્વદા વન્દન કરું છું. **-શ્રીગુસાંઈજી**

શ્રીવલ્લભપ્રતિનિધિં તેજોરાશીં દયાર્ણવમ્ ।
ગુણાતીતં ગુણનિધિં શ્રીગોપીનાથમ્ આશ્રયે ।।

તેજના ભંડાર, દયાના સાગર, લૌકિક ગુણોથી અતીત અને અલૌકિક ગુણોના નિધિ તેમજ શ્રીમહાપ્રભુજીના પ્રતિનિધિ એવા શ્રીગોપીનાથજીનો હું આશ્રય લઉં છું. **-શ્રીપુરુષોત્તમજી**

જન્મજયન્તી :

શ્રીમહાપ્રભુજીના પ્રતિનિધિસ્વરૂપ શ્રીગોપીનાથજી પ્રભુચરણોની જયન્તી મનાવવા બાબત નિ.લી.ગો. શ્રીવ્રજરાજચરણ લખે છેઃ

શ્રીવલ્લભપ્રતિનિધિં ગોપીનાથં સ્વમાત્મજમ્ ।
પ્રકટીકૃતવાન્ સ્વસ્ય સ્વરૂપજ્ઞાપનાય હિ ।।
અતસ્તત્રોત્સવઃ કાર્યઃ સ્વમાર્ગસ્થૈસ્તુ સર્વથા ।
...પ્રત્યબ્દમ્ ઉત્સવં કુર્યાત્ સ્વાચાર્યાણાં ચ તુષ્ટયે ।।

પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે પોતાના પ્રતિનિધિ એવા સ્વપુત્ર શ્રીગોપીનાથજીને શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યા. તેથી શ્રીમહાપ્રભુજીને પ્રસન્ન કરવા માટે પુષ્ટિમાર્ગીઓએ શ્રીગોપીનાથજીનો પ્રકટ્ય ઉત્સવ પ્રતિ વર્ષ અવશ્ય મનાવવો. (નસંવત્સરોત્સવકલ્પલતાથ અન્તર્ગત)

નોંધ : શ્રીગોપીનાથજી વિશેષ જાણકારી માટે વાંચો : 'શ્રીગોપીનાથ પ્રભુચરણ', પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ.)

શ્રીગોપીનાથપ્રભુચરણ પંચશતાબ્દિ મહોત્સવ

અન્તર્ગત વર્તમાન વર્ષમાં યોજાનારા કાર્યક્રમો :

૧. સેમિનાર

૨. પ્રકાશન : ચિત્રજી, સ્મારિકા, સાધનદીપિકા વિવેચન વગેરે

૩. 'સાધનદીપિકા' ગ્રન્થ ઉપર પ્રવચનમાળા

૪. શ્રીગોપીનાથજીના જીવનચરિત્રનું અનુસન્ધાન

૫. શ્રીગોપીનાથજીના બેઠકજીનું અનુસન્ધાન-નિર્માણની શક્યતા પર વિચાર.

૬. વિ.સં. ૨૦૬૭ માં આવનાર પ્રાકટ્યદિવસ પર વિશેષ આયોજન.

માહિતિ-સ્વૈચ્છિક સહયોગ માટે પત્રાચાર :

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી-કચ્છ, ગુજરાત, ૩૮૯૩૫૦

।। સાધનદીપિકા ।।

(મંગલાચરણ)

તા નઃ શ્રીતાત-પત્-પઙ્મરેણવઃ કામધેનવઃ ।।
નાકસ્ય તરવોઽન્યેષાં સ્યુઃ કલ્પતરવો યથા ।।૧।।

જેમ બીજાઓની ઈચ્છાપૂર્તિ કરવાવાળા સ્વર્ગના કલ્પવૃક્ષ અને કામધેનુ હોય છે તેમ અમારામાટે તો અમારા પિતા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના ચરણકમળોની રજ જ કલ્પતરુ અને કામધેનુ સમાન થાઓ.

શ્રુતિ-સ્મૃતિ-શિરોરત્ન-નીરાજિત-પદામ્બુજમ્ ।।
યશોદોત્સંગ-લલિતં વન્દે શ્રીનન્દ-નન્દનમ્ ।।૨।।

શ્રુતિ - સ્મૃતિ રૂપી ઉત્તમ રત્નોથી જેઓના ચરણકમળ અત્યન્ત શોભી રહ્યાં છે એવા યશોદાના ખોળામાં ખેલતા, નન્દનન્દ શ્રીકૃષ્ણને હું વન્દન કરું છું.

(આ ગ્રન્થમાં ઉપદિષ્ટ બાબતોમાં પ્રમાણ શ્રુતિ સ્મૃતિ પુરાણ તન્ત્ર વગેરે શાસ્ત્રોની શ્રીમદાચાર્યચરણ દ્વારા પ્રકટ કરવામાં આવેલ વ્યાખ્યા છે.)

ભક્તિમાર્ગ-વિતાનાય યોઽવતીર્ણો હુતાશનઃ ।।
સએવ નઃ પરં માનં શેષમ્ અસ્ય પ્રમાન્તરમ્ ।।૩।।

ભક્તિમાર્ગનો પ્રચાર કરવામાટે વૈશ્વાનરસ્વરૂપ શ્રીવલ્લભાચાર્ય-ચરણોએ ભૂતળ ઉપર અવતાર ધારણ કર્યો છે તેમના વચનોજ અમારામાટે પરમ પ્રમાણરૂપ છે. બીજા પ્રમાણો એના અંગભૂત અથવા તેની સરખામણીમાં ગૌણ પ્રમાણ છે.

વેદત્રયી-શિરોભાગ-સૂત્ર-વ્યાખ્યાન-સમ્મતામ્ ।।
ભક્તિ-શાસ્ત્રાનુસારેણ કુર્વે સાધન-દીપિકામ્ ।।૪।।

ત્રણે વેદોના શિરોભાગરૂપ ઉપનિષદ્ ઉપર લખાયેલા બ્રહ્મસૂત્ર પરના મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ભાષ્યથી અવિરુદ્ધ પ્રકારે ભક્તિશાસ્ત્રના અનુસાર 'સાધનદીપિકા' ગ્રન્થની રચના હું કરું છું.

(શ્રીહરિસેવાની આવશ્યકતાના ઉપપાદનની સાથે ગ્રન્થનો ઉપક્રમ)

''આત્મા વાર'' ઈતિ શ્રુત્યા દર્શનૈક-ફલો વિધિઃ ।।
શ્રવણાદ્યૈઃ પ્રતિજ્ઞાતઃ ''તં ભજેત્''-''તં રસેદિ''તિ ।।૫।।
''તસ્માદ્ ભારત સર્વાત્મા ભગવાન્ હરિરીશ્વરઃ ।।
શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યશ્ચેચ્છતાભયમ્'' ।।૬।।

પુરુષસ્યાવિશેષેણ સંસારં પ્રજિહાસતઃ ।।
હરેર્ આરાધને મુક્તિઃ ... ...

''આત્માનું દર્શન કરવું જોઈએ, શ્રવણ કરવું જોઈએ, મનન કરવું જોઈએ, નિદિધ્યાસન કરવું જોઈએ'' આ શ્રુતિવચનમાં પરમાત્મદર્શનમાટે પરમાત્માના શ્રવણ-મનન-નિદિધ્યાસન કરવાની આજ્ઞા છે. તે જે પ્રમાણે ''તેનું ભજન કરે'' ''તેનો રસાનુભવ કરે'' એવા વચનો પણ છે.

શ્રુતિની જેમ સ્મૃતિમાં પણ ''માટે હે ભારત ! સર્વાત્મા, ભગવાન્, હરિ, ઈશ્વરનું અભય ઈચ્છતા મનુષ્યે શ્રવણ-કીર્તન-સ્મરણ કરવું જોઈએ'' એમ કહ્યું છે.

આ બધા વચનોથી એ સિદ્ધ થાય છે કે અહન્તા-મમતાત્મક સંસારને છોડવાની ઈચ્છાવાળા મનુષ્યે પ્રભુના આરધનનેજ મુક્તિરૂપ જાણવું.

(તેમાં શા માટે[1] અને કેવો[2] ગુરુ આવશ્યક હોય છે તેનું નિરૂપણ)

....................તત્પ્રકારો નિરૂપ્યતે ।।૭।।
''માહાત્મ્યજ્ઞાનપૂર્વોહિ સુદૃઢઃ સર્વતોઽધિકઃ ।।
સ્નેહો'ભક્તિ'રિતિ પ્રોક્તઃ તયા મુક્તિર્ન ચાન્યથા'' ।।૮।।
માહાત્મ્યજ્ઞાપનાયૈવ શ્રવણં ગુણકર્મણામ્ ।।
શાસ્ત્રાણામ્ ઉપયોગોઽત્ર તત્રાકાંક્ષા ગુરોર્ ભવેત્[1] ।।૯।।
''કૃષ્ણસેવા-પરં વીક્ષ્ય દમ્ભાદિ-રહિતં નરમ્ ।।
શ્રીભાગવતતત્વજ્ઞં ભજેત્ જિજ્ઞાસુરાદરાત્''[2] ।।૧૦।।

તેથી હવે ભગવદ્ભજનરૂપી મુક્તિની પ્રાપ્તિ જે સાધનથી થઈ શકે તે સાધનનું નિરૂપણ કરવામાં આવે છે. શાસ્ત્રમાં ભક્તિના લક્ષણનું કથન ''પ્રભુના માહાત્મ્યના જ્ઞાન પૂર્વક પ્રભુમાં સુદૃઢ અને સહુથી અધિક સ્નેહ એટલે 'ભક્તિ'. આવી ભક્તિથી જ મુક્તિ મળે છે, અન્ય કોઈ પ્રકારે નહીં'' આ પ્રમાણે કહ્યું છે.

આ વચનમાં પ્રભુના ગુણ-કર્મોનું શ્રવણ કરવું તેને માહાત્મ્યજ્ઞાનનું સાધન કહેવામાં આવ્યું છે. આ કાર્ય તો શાસ્ત્રથીજ થવું શક્ય હોવાથી સર્વપ્રથમ શાસ્ત્રના અધ્યયનની આવશ્યકતા હોય છે. શાસ્ત્રનું અધ્યયન ગુરુ વિના થઈ ન શકે તેથી સર્વપ્રથમ સાધન ગુરુને માનવામાં આવે છે.

તેથી પ્રભુના માહાત્મ્યજ્ઞાનને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો મનુષ્ય જે કૃષ્ણસેવામાં તત્પર હોય, દમ્ભ આદિથી રહિત હોય અને શ્રીભાગવતપુરાણના તત્ત્વને જાણતો હોય તેવા નરની પરીક્ષા કરીને આદરથી ભજન કરે.

(સ્વમાર્ગીય ગુરુનું પ્રથમ કર્તવ્ય : ભગવાનની શરણાગતિ માટે દૈવી જીવોને પ્રેરિત કરવું છે)

દેહદ્રોણ્યા યિયાસૂનાં પરં પારં ભવામ્બુધેઃ ।।
ગુરુણા કર્ણધારેણ [*1]હ્યુત્તાર્યા સ્વોપદેશતઃ ।।૧૧।।
''યો બ્રહ્માણં વિદધાતિ પૂર્વં યો વૈ વેદાંશ્ચ પ્રહિણોતિ તસ્મૈ ।।
તં હ દેવમ્ આત્મ-બુદ્ધિપ્રકાશં
મુમુક્ષુર્વૈ શરણમ્ અહં પ્રપદ્યે'' ।।૧૨।।
''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ'' ।।
ઈતિ શ્રુત્યા તથા સ્મૃત્યા પ્રપત્ત્યાદેશમ્ આદિતઃ ।।૧૩।।

દેહરૂપી હોળીદ્વારા સંસારસમુદ્રના પેલે પાર જવાની ઈચ્છાવાળાની નાવને, તેનો કર્ણધાર - નાવિક ગુરુ પોતાના ઉત્તમ ઉપદેશોથી, પેલે પાર ઉતારે. શ્વેતાશ્વતર ઉપનિષદ્માં કહ્યું છે કે ''જે પૂર્વે બ્રહ્માજીને પ્રકટ કરે છે અને તેઓને ત્રણ વેદોનું દાન કરે છે તે આત્મ-બુદ્ધિથી પ્રકાશિત થનાર દેવને શરણે હું જાઉં છું. ભગવદ્ગીતામાં પણ ભગવાને સ્વમુખે અર્જુનને આજ્ઞા આપી છે કે ''બધા ધર્મોનો ત્યાગ કરીને કેવળ મારા શરણે આવ''. આમ શ્રુતિ અને સ્મૃતિ માં સર્વ પ્રથમ શરણાગત થવાનો આદેશ છે.

(સ્વમાર્ગીય દ્વિજકુળના શિષ્યોનું કર્તવ્ય)

પ્રેમ્ણોપદેશ-શ્રવણાત્ [*2]પ્રપત્તિઃ પ્રેમ-કારણમ્ ।।
અતો મૂલાભિષેકો હિ કાર્યસ્ તેનાસ્ય સેવને ।।૧૪।।
નહિ દેહભૃતા શક્યં કર્મ ત્યક્તુમ્ અશેષતઃ ।।
અતઃ સ્વધર્માચરણં ભાર-દ્વૈગુણ્યમ્ અન્યથા ।।૧૫।।
સ્વધર્માચરણં શક્ત્યા હ્યધર્માત્તુ નિવર્તનમ્ ।।
ઈન્દ્રિયાશ્વ-વિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયં ।।૧૬।।
ઈતિ ભાગવતો ધર્મઃ શ્રીમદાચાર્ય-સમ્મતઃ ।।
ભક્તિ-શાસ્ત્રાનુકૂલ્યેન સ્વધર્માચરણં ભવેત્ ।।૧૭।।

ઉપરોક્ત લક્ષણોવાળા ગુરુના મુખે શ્રદ્ધા-પ્રેમથી ભગવત્ શાસ્ત્રના ઉપદેશનું શ્રવણ કરવાથી જેનાવડે ભક્તિ સિદ્ધથાય તેવું ભગવાનનું શરણ પ્રાપ્ત થાય છે. કલિકાળમાં કલ્યાણકારી પ્રાયઃ બધા શાસ્ત્રીય સાધનો જ્યારે દુઃસાધ્ય બની ગયાં છે ત્યારે અન્યાન્ય સાધનોમાં શ્રમ ન કરીને બધાનું મૂળ એવા પ્રભુના શરણરૂપી ઉપાયનું જ સેવન કરવું.

શરીરધારીમાટે કર્મોનો પૂર્ણપણે ત્યાગ કરવો શક્ય નથી હોતો. તેથી દરેક

મનુષ્યે પોત-પોતાના વર્ણ અને આશ્રમ ના ધર્માનુસાર કર્મ કરવા. જો આમ કરવામાં ન આવે તો સ્વધર્માચરણની ઉપેક્ષા અને સ્વચ્છન્દ આચરણ આમ બેવડો દોષ લાગે.

તેથી શક્તિ અનુસાર સ્વધર્મનું આચરણ કરવું, અધર્મનું આચરણ સર્વથા ન કરવું અને ઈન્દ્રિયોરૂપી ઘોડાઓને વિશેષરૂપથી અઙ્કુશમાં રાખવા. આ ત્રણેય નો ત્યાગ સર્વથા ન કરવો.

આ પ્રકારનો ભાગવત ધર્મ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને માન્ય છે. પોત-પોતાના વર્ણાશ્રમધર્મનું આચરણ કરવામાં પણ ભક્તિશાસ્ત્રથી અનુકુળ એવા વર્ણાશ્રમધર્મનું આચરણ કરવું એમ વિશેષ જાણવું.

(તેમાં પોત-પોતાના વેદની શાખા અનુસાર ષોડશ સંસ્કાર તથા તન્મૂલક આહ્નિક શૌચાચાર[૧-૬] વગેરે ભક્ત્યુપયોગી હોવાથી દ્વિજો માટે જરૂરી હોય છે.)

ગર્ભાધાનાદિ-સંસ્કારૈઃ દ્વિજૈર્મૌઞ્જ્યન્ત-સમ્ભવૈઃ ।।
દેહઃ સંશોધનીયો હિ હરિભાવો ન ચાન્યથા ।।૧૮।।

ગર્ભાધાન સંસ્કારથી કરીને મૌઞ્જીબન્ધનરૂપ યજ્ઞોપવીત સંસ્કાર પર્યન્ત બધા સંસ્કારોવડે દ્વિજ એટલે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય પોતાના દેહનું સારીરીતે શોધન કરે. આમ કરવાથી દેહ પવિત્ર બનશે જેને કારણે દેહમાં ભગવદ્ભાવની યોગ્યતા સિદ્ધ થશે તે સિવાય નહીં.

શૌચાચાર-વિહીનસ્ય આસુરાવેશ-સમ્ભવાત્ ।।
તતઃ સ્વાહ્નિક-ધર્માણામ્ આચારોઽપિ પ્રસજ્યતે ।।૧૯।।

જે વ્યક્તિ શુદ્ધિ વગેરે આચારનું શાસ્ત્રાજ્ઞા અનુસાર પાલન નથી કરતી તેના દેહ-ઈન્દ્રિયમાં આસુરાવેશ થવાની સમ્ભાવના પૂરે-પૂરી રહે છે. તેથી દરેકે પોત-પોતાના નિત્ય કર્મોનું આચરણ પણ કરવું જોઈએ.

સ્નાનં[૧] સન્ધ્યા-જપો[૨] હોમઃ[૩] સ્વાધ્યાયઃ[૪] પિતૃતર્પણમ્[૫]।।
વૈશ્વદેવકદેવાર્ચા[૬] ઈતિ ષટ્-કર્મકૃદ્ ભવેત્ ।।૨૦।।

તે છ નિત્યકર્મો આ મુજબ જાણવા : શાસ્ત્રવિધિથી સ્નાન, સન્ધ્યા અને જપ, હોમ, ભણેલા વેદનું અધ્યયન, પિતૃતર્પણ અને વૈશ્વદેવના દેવનું પૂજનદ્ગ આ છ કર્મો દ્વિજે સદા કરવા.૦

યથા હિ સ્કન્ધ-શાખાનાં તરોર્મૂલાભિષેચનમ્ ।।
તથા સર્વાર્હણં યસ્માત્ પરિચર્યાવિધિર્હરેઃ ।।૨૧।।
અતસ્ તદનુરોધેન નિત્યકર્મ-કૃતિર્ વરા ।।

અન્યથાતુ કૃતિર્વ્યર્થા ત્રૈવર્ગ્યવિષયા યતઃ ।।૨૨।।

જેમ વૃક્ષના મૂળમાં પાણી રેડવાથી વૃક્ષના પાન, નાની-મોટી ડાળીઓ વગેરે વૃક્ષના બધા ભાગોને આપ મેળે પાણી પહોંચી જતું હોય છે તે જ પ્રમાણે શ્રીકૃષ્ણની સેવા કરવાથી બધા દેવી-દેવતાઓનું પૂજન આપ મેળે થઈ જાય છે. તેથી તે પ્રમાણે જ નિત્યકર્મ કરવું ઉત્તમ ગણાય. જો આમ ન કરે તો (જેમ વૃક્ષના મૂળમાં પાણી ન રેડીને તેના ડાળી-પાંદડાં ઉપર પાણી રેડવામાં આવે તો પાણી પણ નકામું જાય અને વૃક્ષ પણ કાળક્રમે સુકાઈ જાય તેમ) બધા કર્મો નિષ્ફળ જાય છે. કારણ કે બધા કર્મોથી પૂજ્ય તો પરાત્પર તત્ત્વ શ્રીકૃષ્ણ જ હોય છે, તેમને મૂકીને જો કર્મ કરવામાં આવે તો કર્મબન્ધનથી છૂટવાના સ્થાને વધુ બંધાઈ જવાની સ્થિતિ આવે. કારણ કે કર્મ તો ધર્માર્થ-કામરૂપી ત્રિવર્ગને જ સિદ્ધ કરનારું હોય છે !

ગર્ભાધાનાદિ-સંસ્કારૈઃ સ્વશાખોક્તૈર્ દ્વિજો યુતઃ ।।
ગુરું પ્રપદ્યેદ્ ... ...।।

તેથી જે દ્વિજ ત્રિવર્ગમાં ફંસાવા ન ઈચ્છતો હોય તેણે પોતાના વેદની શાખામાં કહ્યા પ્રમાણેના ગર્ભાધાન વગેરે સંસ્કારોથી પવિત્ર થઈને ભક્તિમાર્ગીય ગુરુના શરણે જવું.

(દ્વિજેતર શિષ્યોના કર્તવ્યનું નિરૂપણ)

.......અન્યસ્તુ સદાચારોઽસ્ય સંશ્રયાત્ ।।૨૩।।

જેઓ દ્વિજ ન હોય તેઓ તો શાસ્ત્રમાં બતાવ્યા મુજબ દ્વિજોની પરિચર્યા કરે અને સદાચાર પરાયણ રહીને ભક્તિમાર્ગીય ગુરુના શરણે જાય.

(પ્રપત્તિમાર્ગમાં દીક્ષિત લોકોએ વૈષ્ણવાચારનું ખ પરિપાલન કરવું. તેમાં પ્રથમ સપ્તવિધ ભક્તિ [ગ/૧-૭] નો ઉપદેશ)

લબ્ધ્વાનુગ્રહમ્ આચાર્યાત્ શ્રીકૃષ્ણશરણં જનઃ ક ।।
ધારયેત્ તિલકં માલાં વૈષ્ણવાચાર-તત્પરઃ ।।૨૪।।

પુષ્ટિભક્તિમાર્ગમાં રુચિ ધરાવતી વ્યક્તિ પુષ્ટિભક્તિ સમ્પ્રદાયના ઉપરોક્ત લક્ષણ ધરાવતા કોઈ સુયોગ્ય આચાર્યવંશજની કૃપા પ્રાપ્ત કરીને સર્વ પ્રથમ તેઓથી શ્રીકૃષ્ણના નામમન્ત્રની શરણદીક્ષાને પ્રાપ્ત કરે. આ પ્રકારે ભગવન્માર્ગમાં દીક્ષિત થયેલ વ્યક્તિ કપાળ ઉપર કુંકુમથી ઊર્ધ્વપુંડ્ર તિલક અને ગળામાં તુલસીકાષ્ઠની માળા-કંઠી સદા ધારણ કરે.

સર્વસ્વં હરિસાત્કાર્યં ત્યજેત્ સર્વમ્ અવૈષ્ણવમ્ ।।
હિંસ્ર-કામ્યાઽન્યદેવાર્ચા યદિ નિત્યં ચ લૌકિકમ્ ।।૨૫।।

વૈષ્ણવ થયા પછી પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પિત કરવું. જે કોઈ પણ અવૈષ્ણવ આચાર પૂર્વે કરતો હોય તે બધા છોડવા. જીવહિંસા થતી હોય તેવા કર્મો, કામ્યકર્મ; અને શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવોની પૂજા-અર્ચના નો પરિત્યાગ કરવો. નિત્ય-નૈમિત્તિક શાસ્ત્રીય કર્મો પણ જો વૈષ્ણવમાર્ગથી વિપરીત હોય તો તે પણ છોડવા. તે જ પ્રમાણે વૈષ્ણવમાર્ગથી વિપરીત એવા સામાજિક-લૌકિક કાર્યોનો પણ ત્યાગ કરવો.

પૂર્વભાંડાદિકં સર્વં પરિત્યજ્ય વિશુદ્ધિતઃ ખ ।।
શ્રવણાદિપરો નિત્યં હરેઃ પ્રેમાસ્પદો ભવેત્ ।।૨૬।।

માર્ગમાં દીક્ષિત થવાથી પૂર્વે પોતાના ઉપયોગમાં આવતા બધા વાસણ-કુસણ વગેરે કાઢી નાખીને નવીન વાસણો વસાવવા. સ્વવર્ણાશ્રમધર્માનુસાર વિશેષ આગ્રહથી સ્નાન-ખાન-પાન-વસ્ત્ર-સ્પર્શ આદિમાં શુદ્ધિ રાખવી. તે જ પ્રમાણે પ્રભુ સમ્બન્ધી શ્રવણ-કીર્તન વગેરેમાં સતત તત્પર રહે. આમ કરવાથી ભક્ત પ્રભુને પ્રિય બને છે.

હરેર્ગુણાનાં શ્રવણં જ્યાયોભ્યઃ શૃણુયાત્ સદા[ગ/૧] **।।**
જાતશિક્ષઃ યવીયોભ્યઃ કીર્તયેદ્ અન્યથૈકલઃ[ગ/૨] **।।૨૭।।**

જ્યેષ્ઠ વૈષ્ણવો પાસેથી પ્રભુ સમ્બન્ધી ગુણ-લીલા વગેરેનું સદા શ્રવણ કરે. શ્રવણ કરેલને દૃઢ કરવા માટે પોતે પણ તેનો અભ્યાસ કરે. સંગી ભક્તોની સામે ભગવત્કીર્તન કરે. સત્પુરુષનો સંગ પ્રાપ્ત ન થાય તો એકલો જ ભગવત્કીર્તન કરે (અર્થાત્ અસત્નો સંગ ન જ કરે).

અતિસુન્દરરૂપાણિ લીલાધામાનિ સંસ્મરેત્[ગ/૩] **।।**
પાદસેવા હરેઃ કાર્યા સર્વસમ્પન્નિકેતનૈઃ[ગ/૪] **।।૨૮।।**

પ્રભુના ગુણ-લીલાના શ્રવણ-કીર્તનાદિની સાથોસાથ પ્રભુના સર્વાધિક સુન્દર સ્વરૂપ અને પ્રભુના અલૌકિક લીલાધામો નું પણ સતત સ્મરણ કરતો રહે. આ સાથે પ્રભુના ચરણકમલોની સેવા પણ પોતાના ઘર-ધન આદિ સર્વસ્વના વિનિયોગ પૂર્વક અવશ્ય કરે.

અર્ચનં પ્રત્યહં તસ્ય વિધિના નિયમેન ચ[ગ/૫] **।।**
વન્દનં ચરણામ્ભોજે તસ્ય ભાવનયાખિલે [ગ/૬] **।।૨૯।।**

પ્રભુના માહાત્મ્યના જ્ઞાન પૂર્વક લોકવિલક્ષણ ઉપચારોથી પ્રતિદિન નિયમ પૂર્વક પ્રભુની સેવા કરે. સમગ્ર જગત્માં ભગવદાત્મકતાનો ભાવ રાખીને પોતાનામાં ભગવદંશતાનું દૈન્યપૂર્વક સ્મરણ કરતા-કરતા શ્રદ્ધા પૂર્વક પ્રભુના ચરણકમળમાં વન્દન કરે.

દાસ્યં તદેક-શરણં તત્પ્રસાદૈક-ભોજનમ્[ગ/૭] **।।**
એવં સપ્તવિધા ભક્તિઃ પ્રપન્નાધિકૃતા ભવેત્ ।।૩૦।।

એકમાત્ર શ્રીકૃષ્ણનો જ આશ્રય (અનન્યતા) અને શ્રીકૃષ્ણને સમર્પિત કરેલ પદાર્થનું જ ભોજન (અસમર્પિત જીવન) તેને પ્રભુનું 'દાસપણું' કહેવાય છે. આ પ્રકારે શ્રવણથી લઈને દાસ્ય પર્યન્ત સાત પ્રકારની ભક્તિનું સારીરીતે અનુસરણ કરવાથી શરણાગતિ સિદ્ધ થાય છે.

(પ્રપત્તિમાર્ગમેં દીક્ષિતન્કોં વૈષ્ણવ વ્રતોત્સવ[ઘ] પંચયજ્ઞ[ઙ] તીર્થવાસ[ચ] વૈષ્ણવતિલકાદિ બાહ્યાભ્યન્તર ચિહ્નકો[છ-જ] ધારણ આદિકો ઉપદેશ)

પૂર્વવિદ્ધં પરિત્યાજ્યં વ્રતં તદ્વિષ્ણુ-પંચકમ્ ।।
[*] [૪]**જયન્તી તૂદયેઽન્યેન દુષ્ટાન્યાપ્યરુણોદયાત્ ।।૩૧।।**

આગળની તિથિના વેધવાળી એકાદશી, જયન્તી વગેરે વિષ્ણુપઞ્ચક વ્રતોત્સવનો ત્યાગ કરવો. સૂર્યોદય કાળમાં જે તિથિ હોય તેને જ તે દિવસની તિથિ માનીને શ્રીકૃષ્ણજયન્તી આદિ ઉત્સવો ઉજવવા. તે જ પ્રમાણે એકાદશી પણ જો અન્ય તિથિના વેધવાળી હોય તો તે દિવસે ન કરવી.

વર્ષાશ્રિતાન્યુત્સવાનિ સ્વાશ્રિતાન્યપિ યાન્યુત ઘ ।।
તાનિ સર્વાણિ હરયે [*][૫]**ત્યનુકૂલાનિ ચાર્પયેત્ ।।૩૨।।**

વરસમાં આવતા ઉત્સવ તેમજ પોતાના મનોરથ પ્રમાણેના ઉત્સવો પણ સાધન-સમ્પત્તિ, સ્વાસ્થ્ય, સમય આદિની અનુકુળતા હોય તો તે બધા પ્રભુની સાથે અવશ્ય મનાવવા.

શ્રાદ્ધાનિ ચોત્તમાન્યેવ વૈશ્વદેવં ચ દૈવકમ્ ।।
હરેઃ પ્રસાદતઃ કુર્યાત્ તતસ્ તૃપ્તિરનુત્તમા ।।૩૩।।

શ્રાદ્ધ વગરે કાર્યો, વિશ્વેદેવ સમ્બન્ધિ કાર્યો તેમજ અન્ય પણ દેવતા સમ્બન્ધિ બધા ઉત્તમ કાર્યો આગ્રહ પૂર્વક પ્રભુના મહાપ્રસાદથી જ કરવા. આમ કરવાથી પિતૃઓને તેમજ પ્રભુના કર્મસચિવ દેવતાઓને પણ ઉત્તમોત્તમ તૃપ્તિ થાય છે.

પ્રસાદોઽપિ બલિઃ કાર્યઃ સ્વાત્મસંસ્કારએવ સઃ।।
અન્નસ્ય ચાત્મનશ્ચાપિ તત્સંસ્કારેણ તત્પરઃ।।૩૪।।

ગોગ્રાસ આદિ ભૂતયજ્ઞ પણ પ્રભુના મહાપ્રસાદથીજ કરવા. તે આપણા

આત્માનો સંસ્કાર જ છે. તેથી અન્ન અને આત્મા ના તે સંસ્કારથી તત્પર રહેવું.

વિપ્રા ગાવો હરેર્ભક્તાઃ સદા પૂજ્યા હરેઃ પ્રિયાઃ।।
ગૃહસ્થસ્યાતિથિર્યસ્માત્ પૂજ્યો દીનો દયાસ્પદઃ[૬] ।।૩૫।।

બ્રાહ્મણ, ગાય અને ભગવદ્ભક્તો પ્રભુના પ્રિય છે તેથી તે બધાનો સત્કાર અવશ્ય કરવો. તે જ પ્રમાણે ગૃહસ્થમાટે અતિથિ પણ પૂજ્ય હોય છે. ગૃહસ્થે દુઃખી લોકો ઉપર દયાભાવ રાખવો.

જગન્નાથે દ્વારિકાયાં શ્રીરંગે વ્રજમંડલે।।
યત્ર પૂજાપ્રવાહઃ સ્યાત્ તત્ર તિષ્ઠેચ્ચ તત્પરઃ।।૩૬।।

જગન્નાથપુરી, દ્વારકાપુરી, શ્રીરંગજી, વ્રજમંડલ વગેરે ભગવત્સ્થાનોમાં જ્યાં અનવરત ભગવત્પૂજા થતી હોય ત્યાં પ્રભુપરાયણ બનીને રહે. (પોતાના ઘરમાં ભગવત્સેવા કરવા શક્તિમાન્ ન હોય તેવા પ્રભુપરાયણ વિરક્ત પુષ્ટિમાર્ગીમાટે આ ઉપદેશ છે).

ગંગાદિ-તીર્થ-વર્યેષુ યથા ચિત્તં ન દુષ્યતિ ચ ।।
શ્રવણાદ્યૈઃ ભજેદેવં શ્રીભાગવતતત્પરઃ ।।૩૭।।

ગંગાજી વગેરે શ્રેષ્ઠ તીર્થોમાં, અતિ નિકટતા વગેરે કારણે તીર્થનો અનાદર કે તેવાજ બીજા દોષોને કારણે ચિત્ત દૂષિત ન થાય તે પ્રકારે શ્રીભાગવત પુરાણના પાઠાદિમાં તત્પર બનીને પ્રભુનું શ્રવણાદિથી ભજન કરવું.

ઊર્ધ્વપુંડ્રાણિ મૃન્મુદ્રા તુલસી-કાષ્ઠજાપિ સ્રક્ ।।
બાહ્યાંકાન્યાન્તરાણિ સ્યુઃ ભક્તેઃ શાન્તિ-વિરક્તયઃ ।।૩૮।।

ઊર્ધ્વપુંડ્ર તિલક, ગોપીચન્દનથી અંકિત કરાતી નામાદિની મુદ્રાઓ અને તુળસીકાષ્ઠથી બનતી માળા એ પુષ્ટિભક્તિમાગીના બાહ્યલક્ષણો છે. તે જ પ્રમાણે શાન્તિ તથા વિરક્તિ એ પુષ્ટિભક્તિમાર્ગીના આન્તર લક્ષણો છે.

શમો દમસ્તપઃ શૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ ।।
દયા દાનં ચ વિજ્ઞાનં શ્રદ્ધા દૈવાત્મસમ્પદઃ ।।૩૯।।
દૈવાત્મસમ્પદઃ પુંસઃ ભક્તિર્ભવતિ નૈષ્ઠિકી[૭-૪]।।

આન્તર તથા બાહ્ય ઈન્દ્રિયો ઉપર સંયમ, કષ્ટ સહન કરવા, શાસ્ત્રીય સદાચારના અનુસાર પવિત્રતા રાખવી, ધૈર્ય અથવા ક્ષમાશીલતા, સરળતા, દયા, દાન, તત્ત્વજ્ઞાન, શ્રદ્ધા ઈત્યાદિ ગુણો દૈવી જીવના જાણવા. આવા દૈવી ગુણવારા પુરુષને ભગવદ્ભક્તિ ચોક્કસપણે દૃઢનિષ્ઠાવાળી થાય છે.

(આ ગુણોને કારણે ભક્તિ જ્યારે સર્વાત્મભાવાપન્ના[૧] થાય ત્યારે આ લોકમાં

પ્રપઞ્ચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ[૨] અને વૈકુણ્ઠાદિ ભગવલ્લોકમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ[૩] પણ ફલિત થાય છે)

યયા ‘સર્વાત્મભાવા’ખ્યા પરા સિદ્ધિઃ સ્વયં ભવેત્[૧] ।।૪૦।।

આવી નૈષ્ઠિકી ભક્તિના કારણે ‘સર્વાત્મભાવ’ નામે ઓળખાતી ઉત્કૃષ્ટ સિદ્ધિ આપમેળે જ પ્રાપ્ત થઈ જાય છે.

સર્વવસ્તુષુ વૈરાગ્યં દોષદષ્ટ્યા વિભાવયેત્ ।।
દમનાદ્ ઈન્દ્રિયાણાં ચ સન્તુષ્ટ્યાપિ ચ સિધ્યતિ ।।૪૧।।

દોષદષ્ટિ રાખીને બધી વસ્તુઓમાં વૈરાગ્યની વિભાવના કરવી. ઈન્દ્રિયોઉપર સંયમ અને પ્રાપ્ત વસ્તુ - પરિસ્થિતિમાં સન્તોષ રાખવાથી પણ વૈરાગ્ય ચોક્કસ કેળવી શકાય છે.

સર્વત્રૈવ વિરક્તસ્ય રાગઃ સ્યાદ્ નન્દનન્દને ।।
તેનાસક્તિશ્ચ વ્યસનં પ્રપંચાસ્ફુરણં[૨] ભવેત્।।૪૨।।

સર્વત્ર વૈરાગ્ય હોય તેને જ નન્દનન્દન શ્રીકૃષ્ણમાં પ્રેમ થઈ શકે છે. પ્રેમથી આસક્તિ થાય છે, આસક્તિથી વ્યસન અને તેના પરિણામે પ્રપઞ્ચની અસ્ફૂર્તિ પૂર્વક ભગવાન્માં ‘નિરોધ’ સિદ્ધ થાય છે.

એવં નિરુદ્ધચિત્તસ્યા—નુગૃહીતસ્ય ચેશિતુઃ ।।
લીલાપ્રવેશો[૩]ऽપીષ્ટશ્ચ ‘તસ્માન્ મચ્છરણો’ક્તિતઃ ।।૪૩।।

આ પ્રકારે જેનું ચિત્ત પ્રભુમાં નિરુદ્ધ થયું હોય અને જેના ઊપર પ્રભુની કૃપા થઈ હોય તેનો લીલામાં પ્રવેશ થવો પણ સહજ - ઈષ્ટ છે તે વાત ગોવર્ધનોદ્ધરણના સમયે ભગવાને કહેલા ‘‘તેથી હું જ ગોકુલનો આશ્રય છું ...’’ (ઉપર મુજબ) ઈત્યાદિ વચનોથી સિદ્ધ થાય છે.

(આમ તાદશી વૈષ્ણવોની આ ભૂતલ ઊપર સ્થિતિ અન્ય જીવોની માફક કાલ-કર્મ-સ્વભાવાધીન હોતી નથી)

ન પાપં સ કરોત્યેવ પ્રમાદે ત્વાશુ નિષ્કૃતિઃ ।।
અજ્ઞાત-સ્ખલિતાનાં ચ હરિરેવ પરા ગતિઃ ।।૪૪।।

આવો ભગવદીય ભક્ત ક્યારેય પાપકર્મ કરતો નથી. ક્યારેક અજ્ઞાનથી તેનાવડે જો કોઈ નિન્દિત/નિષિદ્ધ આચરણ થઈ જાય તો પણ તરતજ તેના અપરાધથી તે મુક્ત થઈ જાય છે. તેથી અજ્ઞાનથી જેનું સ્ખલન થયું હોય તેની એક માત્ર ગતિ શ્રીહરિ જ હોય છે.

***[૬]હરિર્ ભક્તાપરાધેષુ દયયૈવ પ્રસીદતિ ।।**

દોષેષુ ન ગતિસ્તસ્માત્ દોષાન્ સમ્પરિવર્જયેત્ ।।૪૫।।

ભક્તના અપરાધ અથવા દોષ માં પણ ભગવાન્ સિવાય બીજી કોઈ ગતિ નથી. તેથી દોષનો પૂર્ણપણે ત્યાગ કરવો તેમજ શ્રીહરિ પોતાનાપર દયાભાવથી પ્રસન્ન જ છે તેવો વિશ્વાસ રાખવો.

અશૂન્યા દિવસા યામાઃ મુહૂર્ત-ઘટિકા-લવાઃ ।।
ભગવદ્ભજનૈઃ કાર્યાઃ સંસારાસક્તિરન્યથા ।।૪૬।।

દિવસ, પ્રહર, ઘડી તો શું પરન્તુ ક્ષણમાત્ર પણ ભગવદ્ભજન વગર ન રહેવું. ક્ષણમાત્ર પણ ભગવદ્ભજન વિના રહેવાથી સંસારમાં આસક્ત બની જવાય છે.

(જેમ શ્રીહરિનું ભજન, તેજ પ્રમાણે શ્રીહરિની ભાવના રાખિને ગુરુ અને વૈષ્ણવ ભક્તો પ્રત્યે પણ નમન, અર્ચન તથા દૈન્ય જાળવવા)

ગુરુસેવા ગુરોરાજ્ઞા ગુરૌ શ્રીહરિભાવના ।।
ગુરૌ ભયં ગુરૌ સિદ્ધિઃ પ્રપન્નઃ પરિભાવયેત્ ।।૪૭।।

શરણાગત શિષ્યે ગુરુની સેવા કરવી, ગુરુની આજ્ઞાનું પાલન કરવું, શાસ્ત્રાનુસારી ગુરુની આજ્ઞા ભગવદાજ્ઞા સમાનજ છે તેમ ગુરુમાં શ્રીહરિની ભાવના કરવી, ગુરુનો ભય પણ રાખવો, ગુરુની શાસ્ત્રાનુસારી આજ્ઞાના પાલનમાં જ સિદ્ધિ છે તેમ જાણવું. આ પ્રમાણે શરણાગત શિષ્યે રહેવું.

ભક્તવૃન્દાન્ નમેદ્ અર્ચેદ્ દષ્ટ્વા હૃષ્યેત્(/હર્ષ) સમાનયેત્ ।।
ભક્તેષ્વેવં હરિં સાક્ષાત્ પ્રસાદેન વ્યવસ્થિતમ્ ।।૪૮।।

ભક્તોને પ્રણામ કરે, તેમનો સત્કાર કરે, પોતાના ઘરમાં ભક્તોને આમન્ત્રે. ભક્તના હૃદયમાં ભગવાન્ સદા પ્રસન્નતાથી બિરાજે છે તેથી ભક્તોમાં ભગવાનને જુએ.

વિના ભક્ત-પ્રસંગેન સદગુરોઃ કૃપયા વિના ।।
શ્રીભાગવત-શાસ્ત્રેણ વિના ભક્તિઃ કથં ભવેત્ ।।૪૯।।

ભક્તાનો સંગ કર્યા વિના, સદ્ગુરુની કૃપા વિના તેમજ શ્રીભાગવત શાસ્ત્રના અધ્યયન-મનન વિના શ્રીકૃષ્ણમાં ભક્તિ કેમ થઈ શકે ?

વિના ગદ્ગદકંઠેન દ્રવતા ચેતસા વિના ।।
વિના નૃત્યેન ગાનેન હરિપ્રીતિઃ કથં ભવેત્ ? ।।૫૦।।

જ્યાં સુધી પ્રભુના કીર્તન કરતા ભગવદ્ભાવાવેશથી કંઠ ગદ્ગદિત ન થાય, પ્રભુનું સ્મરણ કરતા ભગવત્પ્રેમથી હૈયું ભરાઈ ન આવે, અને નૃત્ય-ગાન સહિત ભગવદ્ભજન ન થાય ત્યાં સુધી પ્રભુમાં પ્રેમ કેમ થાય ?

‘‘દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા ।।
મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે’’।।૫૧।।

આ ગુણમયી મારી દૈવી માયા કષ્ટથી જીતી શકાય તેવી છે. તેથી જે મારા શરણે આવે છે તે જ મારી આ માયાને તરી શકે છે.

(સૃષ્ટિકર્તા કેવળ ભગવાન્ છે તેથી આ સૃષ્ટિ ભગવદાત્મિકા છે[1], આ સૃષ્ટિમાં પુષ્ટિજીવોને ભગવાને ભજનાનન્દાનુભવ આપવામાટે પ્રકટ કર્યા છે[2], તેથી પુષ્ટિજીવને ભગવદનુગ્રહાર્થ નિયોજિત કરવા તે પણ એક જાતની ભગવત્સેવા જ છે[3])

ક્રીડાર્થમ્ અસૃજત્ પૂર્વં સ્વાત્મના સ્વાત્મકં જગત્ ।।
તત્ર કાયભવા પુષ્ટિઃ લીલાસૃષ્ટિર્ અનુત્તમા ।।૫૨।।

ભગવાને પ્રથમ તો ક્રીડામાટે પોતાનાવડે સ્વાત્મક એટલે કે ભગવદાત્મક જગત્‌ને પ્રકટ કર્યું. તે જગત્‌માના દૈવી જીવોનો પોતાની કાયાથી પ્રકટેલી પુષ્ટિસૃષ્ટિની ઉત્તમોત્તમ લીલામાં અંગીકાર કર્યો.

વામાંશ-સમ્ભવાનાન્તુ ભજનાનન્દલબ્ધયે ।।
વિસૃષ્ટાનાં તતોઽન્યેષાં નાન્યા સાધનપદ્ધતિઃ ।।૫૩।।

પ્રભુના વામ અંશથી પ્રકટ થયેલા જીવો કે જેને ભજનાનન્દનું દાન કરવામાટે પ્રભુએ પ્રકટ કર્યા છે તેઓમાટે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

‘‘યસ્યાયમ્ અનુગૃહ્ણાતિ ભગવાન્ આત્મભાવિતઃ ।।
સ જહાતિ મતિં લોકે વેદે ચ પરિનિષ્ઠિતામ્’’ ।।૫૪।।

આત્મા તરીકે ભાવિત ભગવાન્ જેના ઉપર કૃપા કરે છે તે ભક્ત લોક અને વેદ માં અત્યન્ત સ્થિર થયેલી મતિનો પણ ત્યાગ કરી દે છે.

***‘અનુગ્રહે નિયોજ્યોઽતઃ સંગ્રહઃ શ્રુતિસમ્મતઃ ।।**
મહતાં સમયો માનં મહાન્તોઽત્ર હરેઃ પ્રિયાઃ ।।૫૫।।

ભગવદ્ભક્તિમાં મતિ સ્થિર થાય તેમાટે લોક-વેદમાં આસક્ત દૈવી જીવોને ભગવાનના અનુગ્રહમાર્ગ પ્રતિ પ્રરિત કરવા જોઈએ. આ પ્રકારનો લોકસંગ્રહ (પરોપકાર) પણ વેદસમ્મત જ છે. આ બાબતમાં પ્રમાણ મહાપુરુષોનો સદાચાર પણ છે. ભગવાનને જે પ્રિય છે તે જ ખરેખર મહાન્ છે.

(શ્રીમદ્ભાગવતના ‘‘રતિરાસો...’’ ૩।૭।૧૮ શ્લોકમેં નિરૂપિત ભજનાનન્દની ઉપલબ્ધિ માટે આત્મસમર્પણાદિ સાધનોનું નિરૂપણ)[1]

અતસ્ તદનુરોધેન ‘રતિરાસો’ યથા ભવેત્ ।।

તદર્થં વરણં કાર્યં *શ્રીગોપાલમહામનોઃ ।।૫૬।।

(''યત્સેવયા ભગવતઃ ...રતિરાસો ભવેત્'' શ્લોકમાં ગુરુસેવાને ભક્ત્યુપયોગી કહી છે) તેથી ગુરુની આજ્ઞા અનુસાર જેમ રતિરાસરૂપ ભજનાનન્દ સિદ્ધ થાય તેમાટે ગોપાલમન્ત્ર અથવા પરિવૃઢાષ્ટક સ્તોત્ર નું નિત્ય અનુસન્ધાન કરવું.

નાયમાત્મા પ્રવચનૈર્ ન ધિયા ન બહુશ્રુતૈઃ ।।
લભ્યતે વરણં હિત્વા વૃતં સંવૃણુતે શ્રુતેઃ ।।૫૭।।

આ પરમાત્મા વરણ વિના ન તો પ્રવચનથી, ન બુદ્ધિથી કે ન તો બહુ સાંભળવાથી પ્રાપ્ત થઈ શકે છે. વરણનો આ નિયમ શ્રુતિમાં પ્રસિદ્ધ છે.

સ્મૃત્વા સ્વીયવિયોગાગ્નિં તાપદાહો ભવામ્બુધૌ ।।
તતઃ સર્વં સમર્પ્યૈવ શ્રીગોપાલમનું શ્રયેત્ ।।૫૮।।

આ ભવસાગરમાં ભગવદ્વિયોગ અગ્નિદાહ સમાન્ છે. તેથી (ગદ્યમન્ત્રોક્ત પ્રકારે) ભગવદ્વિયોગ જન્ય અગ્નિનું સ્મરણ કરીને તે વિયોગાગ્નિની નિવૃત્તિના માટે બધું પ્રભુને અર્પણ કરીને શ્રીગોપાલમન્ત્રનો આશ્રય કરવો.

''ઇષ્ટં દત્તં તપો જપ્તં વૃતં યચ્ચાત્મનઃ પ્રિયમ્ ।।
દારાન્ સુતાન્ ગૃહાન્ પ્રાણાન્ યત્ પરસ્મૈ નિવેદનમ્''।।૫૯।।

પોતાનું બધુ ઈષ્ટ એટલે કે યજ્ઞ વગેરે, અને પૂર્ત એટલે કે દાન-તપ-જપ-વૃત વગેરે કર્મોને અને પોતાના પ્રિય એવા સ્ત્રી, પુત્ર, ઘર પ્રાણ વગેરેને પણ ભગવત્સેવાર્થે નિવેદિત કરે.

''ઇતિ ભાગવતાન્ ધર્માન્ શિક્ષન્ ભક્ત્યા તદુત્થયા ।।
નારાયણપરો માયામ્ અંજસ્તરતિ દુસ્તરામ્'' ।।૬૦।।

આ પ્રકારે ભાગવતધર્મને જાણીને તેનાથી ઉત્પન્ન થયેલ ભક્તિથી નારાયણમાં પરાયણ થઈને ભક્ત દુસ્તર માયાને પણ ઝડપથી તરી જાય છે.

એવં યોગીશ્વરોક્તેન ભક્તિમાર્ગેણ યો યજેત્ ।।
સએવાતીત્ય કલિજાન્ દોષાન્ ગચ્છેત્ પરં પદમ્ ।।૬૧।।

આમ (એકાદશસ્કન્ધમાં નિરૂપિત) યોગીશ્વરોએ ભાગવતમાં કહેલ ભક્તિમાર્ગના અનુસાર જે ભગવાન્નું ભજન કરે છે તે કલિદોષોને પાર કરીને ઉત્તમ પદને પ્રાપ્ત કરે છે.

(તેમાં ભક્તિમાર્ગમાં નિષિદ્ધ એવી કેટલીક બાબતોનું નિરૂપણ)

નાવૈષ્ણવૈઃ સહ વસેન્ ન તૈઃ સંસર્ગમ્ આચરેત્ ।।
પ્રસંગેષુ હરિં ધ્યાયેત્ … … … … … … …

અવૈષ્ણવની સાથે ન રહેવું. અવૈષ્ણવનો સંસર્ગ પણ ન રાખવો. ક્યારેક ભેટો થઈ પણ જાય તો શ્રીહરિનું ધ્યાન ધરવું.

… … … … સ્નાયાત્ કર્મણિ મન્ત્રતઃ ।।૬૨।।
દેહશુદ્ધિઃ સદા કાર્યા કરશુદ્ધિઃ વિશેષતઃ ।।
સ્વપાત્રં ભગવત્પાત્રં સ્નાનપાત્રં ન મેલયેત્ ।।૬૩।।

કર્મમાં મન્ત્રથી સ્નાન કરવું.

સ્નાનાદિદ્વારા દેહની શુદ્ધિ કરવી. તે જ પ્રમાણે બન્ને હાથોની શુદ્ધિ પણ વિશેષ સાવધાનીથી કરવી. પોતાના ઉપયોગમાં આવતા વાસણો, પ્રભુસેવાના ઉપયોગમાં આવતા વાસણો તેમજ સ્નાનાદિના ઉપયોગમાં આવતા વાસણોને જુદા રાખવા, જુદા સાફ કરવા.

એવં વસ્ત્રેઽપિ વિજ્ઞેયે*૯ શુદ્ધ્યશુદ્ધી સ્વવૈષ્ણવૈઃ ।।
ગોપયેત્ સ્વાગમાચારં પાકસેવાં હરેરપિ ।।૬૪।।

કપડાં બાબત પણ તે જ પ્રમાણે સમજવું. સ્વમાર્ગીય જાણકાર વૈષ્ણવો પાસેથી શુદ્ધિ - અશુદ્ધિ બાબતની સમજ લેવી. પરમ્પરાથી ચાલ્યા આવતા સ્વમાર્ગીય અન્તરંગ આચાર તથા પ્રભુની રસોઈ વગેરેની સેવાને પણ બીજાથી ગુપ્ત રાખવી.

(ભગવત્સેવામાં વ્યવહાર્ય શુદ્ધ વસ્તુઓનો ઉપદેશ)

સૌવર્ણૈઃ રાજતૈસ્ તામ્રૈઃ પાત્રૈર્ વ્યવહરેત્ પરૈઃ ।।
પાકે સ્વીયાન્ સતીર્થ્યાંશ્ચ સવર્ણાન્ સન્નિયોજયેત્ ।।૬૫।।

સોના, ચાંદી, ત્રાંબા ના પાત્રોને કામમાં લેવા. રસોઈ બનાવવામાં પરિવારના લોકો તેમજ સમાન ગુરુ હોય તેવા સમાન વર્ણના લોકોને સમ્મિલિત કરવા.

સમર્પ્યૈવ શુચિઃ પૂર્વં હરયેઽન્યત્ર યોજયેત્ ।।
*૧૦ **દ્વિમુખં શુચિ પાત્રં તુ ત્યંશુકં લોમજં શુચિ ।।૬૬।।**

શુદ્ધ વસ્તુને સર્વ પ્રથમ પ્રભુને સમર્પિત કરવી. તે પછી અન્ય કાર્યમાં વાપરવી. સ્નાન-પાન-પ્રક્ષાલન આદિ કાર્યોમાં બે મોઢાવાળા (કરવા/ઝારી) વાસણો શુદ્ધ માનવામાં આવે છે. તે જ પ્રમાણે વસ્ત્રોમાં ઊનને શુદ્ધ માનવામાં આવે છે.

કાર્પાસમાહતં શુદ્ધં નવકૌસુમ્ભયુક્ શુચિઃ ।।
વિપ્રૈર્વ્યવહૃતં તીર્થમ્ આરામં ચ ગૃહં શુચિઃ ।।૬૭।।

સુતરાઉ કાપડ ધોયેલું, નવું રંગેલું શુદ્ધ માનવું. બ્રાહ્મણોદ્વારા ઉપયોગમાં

લેવાતું જલ પવિત્ર જાણવું. તે જ પ્રમાણે આરામ (=બગીચી; ગામ બહાર ઉપવનમાં બાંધેલ અતિથિનિવાસ) અને ઘર ને શુદ્ધ જાણવું.

(ભગવત્સેવામેં જો પરાયણ હોંય તિનકોં અન્યદેવાશ્રય તો નિષિદ્ધ હોયવેપેં હુ અન્ય દેવન્કો અપમાન કબહુ ન કરનો. તાસોં કહા-કેસે કરનો તાકો પ્રકાર)

નાન્યદેવં વ્રજેદ્ નૈવ પ્રસક્તૌ ત્વપમાનયેત્ ।।
તીર્થેષુ તીર્થદેવાનાં ભૂદેવાનાં સમર્ચનમ્ ।।૬૮।।

વૈષ્ણવે અન્ય દેવની પાસે ક્યારે પણ ન જવું. પ્રસંગવશ ક્યારેક અન્ય દેવોના સમ્મુખ જવાઈ જાય તો દેવોનું અપમાન ક્યારેય ન કરવું. તીર્થમાં તીર્થદેવતાઓનો તથા પુરોહિત બ્રાહ્મણોનો સત્કાર કરવો.

(કલિયુગમાં સન્ન્યાસ, અગ્નિહોત્ર આદિ તો શક્ય ન હોવાથી સ્માર્તાગ્નિ ધારણ કરવી)

સન્ન્યાસશ્ચાગ્નિહોત્રં ચ કલૌ નૈવ યથાવિધિઃ ।।
સન્દિગ્ધધર્મસેવાપિ ક્લેશાયૈવાલ્પમેધસામ્ ।।૬૯।।

કલિકાલમેં તો સંન્યાસ અને અગ્નિહોત્ર નું શાસ્ત્રાજ્ઞા મુજબ આચરણ કરવું શક્ય નથી. આમ છતાં અલ્પબુદ્ધિવાળો મનુષ્ય કર્તવ્યની બાબતમાં સન્દેહવાળો બનીને જેમ-તેમ કંઈક ધર્મકાર્ય કરે તો તેવું ધર્માચરણ શાસ્ત્રાજ્ઞા મુજબનું ન હોવાથી ક્લેશમાં જ પરિણમે છે.

સમર્થસ્તુ તયોઃ કુર્યાદ્ વિદ્વાન્ સ્માર્તાગ્નિધારણમ્ ।।
ન્યાસાશ્રમાત્ પતન્ મર્ત્ય આરૂઢ-પતિતોઽગતિઃ ।।૭૦।।

તેથી આવી વિષમ પરિસ્થિતિમાં સમર્થ વિદ્વાન્ હોય તે સન્ન્યાસ તેમજ અગ્નિહોત્ર ના સ્થાને સ્માર્ત અગ્નિને ધારણ કરે. કારણકે વિના અધિકારે જે સન્ન્યાસ આશ્રમની દીક્ષા સ્વીકારે છે તે કોઈ પણ ફળને પ્રાપ્ત કર્યા વિના આરૂઢપતિત થાય છે.

યદ્યપ્યેવં હિ ગાર્હસ્થ્યં વર્ણ-ધર્મેણ દુષ્કરમ્ ।।
તથાપ્યાયાત-પતિતં તદ્ બિભૃયાદ્ દેહયાત્રયા ।।૭૧।।

આ પ્રકારે ગૃહસ્થાશ્રમમાં રહીને જે સ્માર્તાગ્નિને ધારણ કરે છે તેનામાટે પણ જો કે વર્ણાશ્રમધર્મના અનુસાર ગૃહસ્થાશ્રમ કઠિનજ છે છતાંય કેમકે તે અનાયાસજ ગૃહસ્થાશ્રમમાં આવી પડ્યો છે તેથી યથાશક્તિ દેહયાત્રાની સાથે ગૃહસ્થાશ્રમનો નિર્વાહ કરવાનો પ્રયત્ન કરે.

ન ગાર્હસ્થ્યં વિના દેહ-યાત્રા-ધર્મોઽપિ સિધ્યતિ ।।

અતસ્તસ્મિન્ સ્થિતસ્યૈવ યત્કિંચિત્ સિદ્ધિ-સમ્ભવઃ ।।૭૨।।

ગૃહસ્થાશ્રમના વિના તો પિતૃકર્મ, પુત્રોત્પત્તિ આદિના અભાવમાં દેહયાત્રાના અન્ય ધર્મો પણ સિદ્ધ થઈ શકતાં નથી. અન્ય આશ્રમધર્મો જ્યારે કાળબળે દુષ્કર બની ગયાં છે ત્યારે ગૃહસ્થધર્મમાં રહેલાઓને જ કંઈક સિદ્ધિ પ્રાપ્ત થવાની સમ્ભાવના શેષ રહે છે.

આશ્રમો દ્વિવિધઃ કૌર્મે તત્રોદાસીનકો ગૃહી ।।
આદ્યેઽપિ નૈષ્ઠિકશ્ચાન્ત્યે વૈષ્ણવોઽધિકૃતસ્તતઃ ।।૭૩।।

કૂર્મપુરાણમાં બધા આશ્રમોનું શ્રુતિસિદ્ધ દ્વૈવિધ્ય બતાવવામાં આવ્યું છે. તેમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં

૧. મરણપર્યન્ત બ્રહ્મનિષ્ઠ બનીને પ્રથમ આશ્રમમાં જ રહેવાવાળાને ‘નૈષ્ઠિક-બ્રહ્મચારી’ જાણવો. અને
૨. વિધિવદ્ વેદાધ્યયન કરીને ગૃહસ્થાશ્રમમાં જવાની ઈચ્છાવાળાને ‘ઉપકુર્વાણ-બ્રહ્મચારી’ જાણવો.

ગૃહસ્થ પણ ૧.‘ઉદાસીન’ અને ૨.‘સાધક’ આમ બે પ્રકારનો કહ્યો છે. તેમાં કુટુમ્બના ભરણ-પોષણાદિમાં અટવાયેલો ગૃહસ્થ ‘સાધક’ કહેવાય છે. અને દેવ-ઋષિ-પિતરના ઋણોને ચૂકવીને ઘર-ધન-પરિવારનો ત્યાગ કરીને જે એકલો જ મોક્ષપ્રાપ્તિની ઈચ્છાથી વિચરણ કરતો રહે છે તેને ‘ઉદાસીન’ કહેવામાં આવે છે. તે જ પ્રમાણે વાનપ્રસ્થ પણ ‘તાપસ’ અને ‘સાન્યાસિક’ આમ બે પ્રકારનો હોય છે. સન્ન્યાસી પણ ‘પારમેષ્ઠિક’ અને ‘ભિક્ષુ’ આમ બે પ્રકારનો હોય છે.

સર્વેષામાશ્રમાણાન્તુ દ્વૈવિધ્યં શ્રુતિદર્શિતં । બ્રહ્મચાર્યુપકુર્વાણો નૈષ્ઠિકો બ્રહ્મતત્પરઃ।।
યોઽધીત્ય વિધિવદ્ વેદાન્ ગૃહસ્થાશ્રમમાવ્રજેદ્ । ‘ઉપકુર્વાણકો’ જ્ઞેયો ‘નૈષ્ઠિકો’ મરણાન્તિકઃ।।
‘ઉદાસીનઃ’ ‘સાધક’શ્ચ ગૃહસ્થો દ્વિવિધો ભવેત્ । કુટુમ્બભરણાયત્તઃ સાધકોઽસૌ ગૃહી ભવેત્ ।।
ઋણાનિ ત્રીણ્યપાકૃત્ય ત્યક્ત્વા ભાર્યાધનાદિકમ્ । એકાકી યસ્તુ વિચરેદ્ ‘ઉદાસીનઃ’ સ મૌક્ષિકઃ ।।
તપસ્તપ્યતિ યોઽરણ્યે યજેદ્ દેવાન્ જુહોતિ ચ । સ્વાધ્યાયે ચૈવ નિરતો વનસ્થઃ ‘તાપસો’ મતઃ।।
તપસા કર્ષિતોઽત્યર્થં યસ્તુ ધ્યાનપરો ભવેત્ । ‘સાંન્યાસિકઃ’ સ વિજ્ઞેયો વાનપ્રસ્થાશ્રમે સ્થિતઃ।।
યોગાભ્યાસરતો નિત્યમ્ આરુરુક્ષુર્જિતેન્દ્રિયઃ। જ્ઞાનાય વર્ત્તતે ભિક્ષુઃ પ્રોચ્યતે ‘પારમેષ્ઠિકઃ’।।
યસ્ત્વાત્મરતિરેવ સ્યાન્ નિત્યતૃપ્તો મહામુનિઃ। સમ્યગ્દર્શનસમ્પન્નઃ સ યોગી ‘ભિક્ષુ’રુચ્યતે’’।।

(કૂર્મપુરા. ૨।૭૬-૮૪)

(દ્વિજેતર પુષ્ટિમાર્ગીઓના કર્તવ્યનો નિર્દેશ)

શૂદ્રસ્તુ હિંસ્ર-કાર્યેણ નિષિદ્ધસ્યાશનેન ચ ।।
નિવૃત્તોઽસૌ ભજેત્ કૃષ્ણં મહદ્ભિર્ અનુકમ્પિતઃ ।।૭૪।।

દ્વિજેતર લોકો જેમાં જીવહિંસા હોય તેવી આજીવિકા, કાર્ય વગેરે નો તથા નિષિધ્ધ ભોજનનો ત્યાગ કરીને; જ્યેષ્ઠ વૈષ્ણવોની કૃપા મેળવીને કૃષ્ણની સેવા કરે.

સ હિતં હરિભક્તાનાં બ્રાહ્મણાનાં ચરેદ્ ગવામ્ ।।
પાદસેવા ચ મહતાં યદ્વૃત્યા તુષ્યતે હરિઃ ।।૭૫।।

દ્વિજેતર લોકોએ ભગવદ્ભક્ત, બ્રાહ્મણ અને ગાયો નું હિત થાય તેવા કાર્યો કરવા. ભગવાને ગીતામાં દ્વિજેતર લોકોનું કાર્ય દ્વિજોની પરિચર્યા બતાવ્યું છે તેથી તે પ્રમાણે કરવું. આમ સ્વધર્માચરણમાં પરાયણ રહેવાથી ભગવાન્ હરિ અવશ્ય પ્રસન્ન થાય છે.

દાનં વ્રતં પૈતૃકં ચ શૌચં શાન્તિમ્ અથાશ્રયેત્ ।।
હરિમેવ ભજેત્ પ્રેમ્ણા તેન સિધ્યતિ સત્વરમ્ ।।૭૬।।

દાન, વ્રત, શ્રાધ્ધ-તર્પણાદિ પિતૃકાર્ય અવશ્ય કરવા. શાસ્ત્રાનુસાર શુધ્ધિ-પવિત્રતા અને યથાલાભ-સન્તોષરૂપી શાન્તિ રાખવી. આમ કરતાં પ્રેમ-ભક્તિથી શ્રીકૃષ્ણની જ સેવા કરવાથી શીઘ્ર સિધ્ધિ પ્રાપ્ત થાય છે.

ન વેદશ્રવણં કાર્યં સ્પર્ધાસૂયાદિનાન્યતઃ ।।
ન્યગ્ભાવેન પ્રપન્નોઽસૌ ભવેદ્ દાસો હરેર્ગુરોઃ ।।૭૭।।

દ્વિજેતર લોકોએ અન્યવર્ણના લોકો પ્રત્યે સ્પર્ધા કે ઈર્ષ્યા ભાવથી, શાસ્ત્રે જેમાં તેઓનો અધિકાર માન્ય નથી કર્યો તેવા, વેદનું શ્રવણ આદિ કાર્યો ન કરવા. દીન ભાવે શરણાગત થઈને હરિ-ગુરુના દાસ બનીને રહેવું.

(સ્ત્રિઓ માટે ભગવત્સેવાની રીતિનું નિરૂપણ)

સધવા ભર્તૃભાવેન વિધવા પુત્રભાવતઃ ।।
શ્રીકૃષ્ણં સંશ્રયેત્ સાધ્વી જિતચિત્તેન્દ્રિયા શુચિઃ ।।૭૮।।

ચિત્ત અને ઈન્દ્રિય પર સંયમ, પવિત્ર આચરણ તેમજ સાધુસ્વભાવ વાળી સૌભાગ્યવતી સ્ત્રી પતિભાવથી અને વિધવા સ્ત્રી પુત્રભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કરે.

પતિ-પુત્રાદિ-બન્ધૂનામ્ આનુકૂલ્યેઽસ્ય સેવનમ્ ।।
તદભાવે ભજેદ્ ભક્ત્યા કીર્તનૈઃ શ્રવણૈઃ સ્મૃતૈઃ ।।૭૯।।

પરિવારના પતિ-પુત્રાદિ પરિજનો તથા બન્ધુજનો જો પોતાને અનુકુળ હોય તો શ્રીકૃષ્ણની સ્વગૃહમાં સેવા કરવી. જો તેઓ અનુકુળ ન હોય તો ભક્તિભાવથી પ્રભુના શ્રવણ-કીર્તન-સ્મરણ કરવા.

તેષામેવ તથાત્વેતુ પરિચર્યા સમન્દિરાત્ ।।
હરેર્ગુરોઃ સમ્ભવતિ હ્યસ્વતન્ત્રાઃ સ્ત્રિયો યતઃ ।।૮૦।।

(ઘણું કરીને સ્ત્રીજનો કેમકે પોતાની ઈચ્છાનુસાર કાર્ય કરવામાં સમર્થ હોતા નથી તેથી જો પતિ-પુત્રાદિ તથા બન્ધુજનો અનુકુળ હોય તો જ તેમની સાથે હળી-મળીને ઘરમાં શ્રીકૃષ્ણની યથાયોગ્ય સેવા-પરિચર્યા કરવી તેમનામાટે સમ્ભવ બનતી હોય છે.) જો આમ શક્ય ન હોય તો મર્યાદામાર્ગ અનુસાર કોઈ દેવાલયમાં બિરાજતા ભગવત્સ્વરૂપની અર્ચનાથી અથવા પુષ્ટિમાર્ગીય ગુરુની પરિચર્યા કરવાથી પણ સ્ત્રીજનોને ભગવત્સેવાનો પરોક્ષ લાભ મળી શકે છે.

સ્વતન્ત્રતાયાં દોષો હિ સ્ત્રીણાં સર્વત્ર જાયતે ।।
અતસ્તયા તથા ભૂત્વા હરિઃ સેવ્યસ્તદિચ્છયા ।।૮૧।।

પતિ-પુત્રાદિ અનુકુળ ન હોય તેમ છતાં જો સ્ત્રીજન તેમની ઈચ્છાથી વિરુધ્ધ આચરણ કરે તો તેઓ લોકમાં સર્વત્ર નિન્દાને પાત્ર બનતા હોય છે. આથી તેઓ જેના આશ્રિત હોય તેને પ્રતિકુળ થયા વિના, પ્રભુની એવી જ ઈચ્છા હશે એવી ભાવનાથી ધૈર્ય ધારણ કરીને પ્રભુનું આન્તર ભજન કરે. આ સાથે ઉપલબ્ધ હોય તો ભગવત્સેવાપરાયણ ભગવદીય વૈષ્ણવની પરિચર્યાદ્વારા પરોક્ષ ભગવદ્ભજન પણ કરે.

ચિત્રમાત્રેઽપિ સેવા સ્યાત્ પ્રતિબન્ધે ગુરોર્ગિરા ।।
છલેનાપિ ભજન્ કૃષ્ણં મુચ્યતે ગોપિકાદિવત્ ।।૮૨।।

પ્રતિબન્ધ હોય તો (અથવા શિલા-ધાતુથી નિર્મિત ભગવત્સ્વરૂપની સેવા કરી સકવાની અનુકુળતા ન હોય તો) ગુરુની આજ્ઞા લઈને શ્રીકૃષ્ણના ચિત્રસ્વરૂપની પણ સેવા કરી શકાય છે. કૃષ્ણાવતારમાં કર્મકાંડી બ્રાહ્મણોની આજ્ઞા વિના તેમજ તેઓના વિરોધ કરવા છતાં પ્રભુમાટે યજ્ઞની સામગ્રી આરોગાવવા ગયેલ બ્રાહ્મણપત્નિઓનો ઉધ્ધાર જેમ પ્રભુએ કર્યો હતો તેમ વર્તમાનમાં પણ જ્યેષ્ઠ પરિજનોની આજ્ઞા વિના પણ ભગવત્સેવા કરવાથી પ્રભુ ઉધ્ધાર કરે જ છે.

પુરુષાપેક્ષયા સ્ત્રીણાં હૃદયં મૃદુ દૃશ્યતે ।।
અતસ્તદનુરાગોઽત્ર સદ્ય એવાભિષજ્યતે ।।૮૩।।

પુરુષોની સરખામણીમાં સ્ત્રીજનોનું હૃદય કોમળ હોય છે. તેથી પ્રભુમાં તેઓનો અનુરાગ પુરુષો કરતાં ઝડપથી થઈ જતો હોય છે.

કામદોષો હિ નારીણાં કનકાનાં યથા રજઃ ।।
તજ્જયે વિજિતઃ કૃષ્ણઃ કૃષ્ણઃ સ્ત્રીણાં પ્રિયો યતઃ ।।૮૪।।

સોનાનો દોષ જેમ રજ હોય છે તેમ સ્ત્રીઓમાં દોષ ‘કામ’ હોય છે. પુષ્ટિભક્તિ

તો કેમકે નિર્ગુણ હોય છે તેથી કામભાવ ઉપર જો વિજય મેળવે તો સ્રીજનો ઝડપથી પ્રભુને સ્વાધીન કરી શકે છે. શ્રીકૃષ્ણ તો આમ પણ સ્રીજનોને પ્રિય હોય જ છે.

ઉદકી ચ પ્રસૂતા સ્ત્રી અશુચિશ્ચ તથા પુમાન્ ।।
દર્શન-સ્પર્શનાદીનિ સેવ્યમૂર્તેર્ વિવર્જયેત્ ।।૮૫।।

રજસ્વલા તથા પ્રસૂતા સ્રી તથા સૂતકી તેમજ અપવિત્ર અવસ્થાવાળા સ્રી-પુરુષોએ સેવ્ય પ્રભુસ્વરૂપના દર્શન-સ્પર્શ આદિ ન કરવા.

(સેવ્ય ભગવત્સ્વરૂપકે પ્રકાર[1] સેવાકો પ્રકાર[2] સ્વરૂપપ્રતિષ્ઠાકો પ્રકાર[3] સ્વરૂપકી શુદ્ધિકો પ્રકાર[4] સ્વરૂપ કહાંતે પ્રાપ્ત કરનો તાકો પ્રકાર[5] ઈત્યાદિ વિષયક ઉપદેશ)

ચિત્રમૂર્તિરવિજ્ઞાનાં પરાધીનાત્મનામપિ ।।
શુચિશ્લક્ષ્ણામપીચ્યાં ચ ગુરુદત્તાં ભજેદ્ વરૈઃ[1] ।।૮૬।।
તીર્થતોયૈર્ નિજૈર્ મન્ત્રૈઃ સંસ્કૃતાં સુમનોહરામ્ ।।
લઘ્વીમેવ ભજેદ્ મૂર્તિં યથાલબ્ધોપચારકૈઃ[2]।।૮૭।।

ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલ પવિત્ર, સુકુમાર અને અતિ સુન્દર ભગવત્સ્વરૂપની સેવા કરવી. શ્રીયમુનાજી જેવા શ્રેષ્ઠ તીર્થજલથી, સમ્પ્રદાયપરમ્પરાથી પ્રાપ્ત થયેલ નિજમન્ત્રથી જેનો સંસ્કાર કરેલો હોય તેવા સુન્દર મનોહર બહુ મોટા નહીં એવા ભગવત્સ્વરૂપની સેવા સહજતાથી ઉપલબ્ધ વસ્તુઓથી કરવી. જેઓને સેવાવિધિ વગેરેનું પૂર્ણ જ્ઞાન ન હોય અને/અથવા પરાધીન હોવાને કારણે અન્ય ભગવત્સ્વરૂપની સેવા કરવાની જેને અનુકુળતા ન હોય તેઓએ ચિત્રસ્વરૂપની સેવા કરવીજ યોગ્ય છે.

નાત્ર પ્રાણપ્રતિષ્ઠાદિ વ્યાપકત્વાદજીવતઃ ।।
સ્થાન-શુદ્ધ્યર્થમેવૈતત્ શબ્દાર્થમપિ સદ્‌ગુરોઃ[3] ।।૮૮।।

પરબ્રહ્મ શ્રીકૃષ્ણ તો સર્વવ્યાપક હોવાથી તેમજ મનુષ્ય-દેવતાની જેમ પ્રાકૃત ન હોવાથી શ્રીકૃષ્ણના સેવ્યસ્વરૂપમાં પ્રાણપતિષ્ઠા વગેરે શાસ્રીય વિધિ કરવાની પુષ્ટિભક્તિસમ્પ્રદાયમાં આવશ્યકતા નથી મનાઈ. પૂર્વશ્લોકમાં કહેવાયેલા સંસ્કારો તો (જે શિલા-ધાતુ-કાષ્ઠ વગેરેથી મૂર્તિનું નિર્માણ થયું હોય તે) સ્થાનની શુદ્ધિમાટે તેમજ ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરવામાટે હોય છે.

અશુચિસ્પર્શને તસ્યાઃ તથા પંચામૃતૈરપિ ।।
હોમૈર્ દાનેન સંશોધ્યા વૈદિકેન નિજાત્મવત્[4]।।૮૯।।

જો ક્યારેક સેવ્ય ભગવત્સ્વરૂપને અપવિત્રનો સ્પર્શ થઈ જાય અથવા કોઈ અવૈષ્ણવ તેના દર્શન કરી જાય તો જેમ સ્નાનાદિથી આપણે પોતાની શુદ્ધિ કરતા હોઈએ છીએ તેમ આપણા સેવ્યસ્વરૂપની પણ શુદ્ધિ પઞ્ચામૃતસ્નાન, હોમ, દાન તથા વૈદિક કર્મ આદિથી કરવી.

ગુરુદત્તાં સ્વયંલબ્ધાં ભક્તૈરપિ સુપૂજિતામ્ ।।
વ્યંગાંગીમપિ સેવેત યદિ ભાવો ન બાધ્યતે ૫।।૯૦।।

ગુરુએ પધરાવી આપેલી, પોતાનેજ ક્યાંકથી પ્રાપ્ત થયેલી અથવા પૂર્વે અન્ય કોઈ ભગવદીયે જેની સેવા કરી હોય તેવી ભગવન્મૂર્તિની સેવા કરી શકાય. તે જ પ્રમાણે જો પોતાનો ભાવ બાધિત થતો ન હોય તો ખંડિત થઈ ગઈ હોય તેવી પણ ભગવન્મૂર્તિની સેવા પુષ્ટિભક્તિસમ્પ્રદાયમાં કરી શકાય છે.

(નિત્યસેવાના ક્રમ[1-11]નો ઉપદેશ)

(૧. ઉપક્રમ)

પ્રાતરારભ્ય મધ્યાહ્નાવધિઃ ચૈવાપરાહ્ણકે ।।
તત્-તલ્લીલાનુભાવેન ભજેત્ સ્વ-ગુરુ-સમ્મતામ્ ।।૯૧।।

પ્રાતઃકાલથી આરમ્ભ કરીને મધ્યાહ્ન પર્યન્ત અને તે જ પ્રમાણે સાયંકાલમાં પણ તત્તત્કાલના અનુરૂપ પ્રભુની લીલાઓની ભાવના કરતા-કરતા પોતાના ગુરુની સમ્મતિ હોય એવા ભગવત્સ્વરૂપની સેવા કરવી.

વસ્ત્રૈશ્ચ ભૂષણૈર્ ગન્ધૈઃ નૈવેદ્યૈર્ વ્યંજનૈઃ શુભૈઃ ।।
દેશ-કાલ-વિભૂતીનામ્ અનુસારેણ સેવનમ્ ।।૯૨।।

દેશ, કાળ તેમજ દ્રવ્ય સમ્બન્ધી પોતાની શક્તિ અનુસાર પ્રાપ્ત થયેલ ઉત્તમ વસ્ર, આભૂષણ, અત્તર-ચન્દન-કેશર-ગુલબજલ આદિ સુગન્ધિત પદાર્થો તેમજ વિવિધ પ્રકારની આરોગાવવાની સામગ્રીઓ થી શ્રીકૃષ્ણની સેવા કરે.

પ્રેમ્ણા પરિચરેત્ સાધુઃ યાવજ્જીવં સમાહિતઃ ।।
તેનાસ્ય ભાવના-સિદ્ધિઃ યયા સ્યાત્ કૃત-કૃત્યતા ।।૯૩।।

સત્પુરુષે જીવનપર્યન્ત એકનિષ્ઠ બનીને પ્રમેથી શ્રીકૃષ્ણની સેવા કરવી. આમ કરવાથી ભક્તિભાવ દઢ થાય છે. ભક્તિ દઢ થવાથી ભક્ત કૃતકૃત્ય બને છે.

(૨.પ્રાતઃકાળમાં જાગ્યા પછી ભગવત્સ્મરણ[1] સ્નાન[2] શૌચ[3] આચમન[4] વગેરેના નિયમ)

પ્રાતઃ પાશ્ચાત્યયામેઽસૌ સમુત્થાય શુચિર્ધિયા ।।
સ્મરેદ્ ભગવતો લીલાં ગાયેત્ તસ્ય ગુણાન્ ગિરા ।।૯૪।।

સૂર્યોદયથી એક પ્રહર પહેલાં જાગીને શુદ્ધ થઈને બુદ્ધિપૂર્વક ભગવાનની લીલાનું સ્મરણ કરે અને વાણીથી ભગવાનના ગુણોનું ગાન કરે.

પ્રાતઃ કૃત્યં તતઃ કાર્યં બહિર્ગત્વા યથોદિતમ્ ।।

મુખશુદ્ધિસ્તતો નિત્યં સૌગંધાભ્યંજનં ભવેત્ ।।૯૫।।

તે પછી ઘરથી બહાર જઈને મલોત્સર્ગાદિ દેહકૃત્ય કરવું. મુખશુદ્ધિ કરવી. તે પછી સુગન્ધી તેલથી શરીરની માલિશ કરવી.

મલસ્નાનં ગૃહે કાર્યં તપ્તોદક-પરોદકૈઃ ।।
તસ્યોપરિ શ્રીયમુનાજલૈઃ સ્નાનં સ્તવૈશ્ચ વા ।૯૬।।
તીર્થસ્થાને મલસ્નાનં કૃત્વા તીરેઽભિમજ્જનમ્ ।।

ઘરમાં મલસ્નાન હુંફાળા પાણીથી અથવા પરોદકથી કરવું. મલસ્નાન કર્યા બાદ જો ઉપલબ્ધ હોય તો શ્રીયમુનાજલથી અને જો ન હોય તો સામાન્ય જલથીજ સ્નાનમન્ત્રના ઉચ્ચાર પૂર્વક સ્નાન કરવું. અને તીર્થમાં સ્નાન તો મલસ્નાન કર્યા પછીજ કરવું.

(૩. સ્નાન કર્યા પછી વસ્ત્રધારણ કરવાની[૧], ઘરે પાછા આવવાની[૨], તિલક-છાપા ધારણ કરવાની[૩], ભગવચ્ચરણામૃત લેવાની[૪], તુલસીમાળા ધારણ કરવાની[૫], પ્રાતઃસન્ધ્યા-જપની રીતિ[૬])

તતસ્તુ ધારણં શુદ્ધ-કૌશેયામ્બર-યુગ્મયોઃ[૧] ।।૯૭।।
પાદુકાભિર્ ગૃહે યાનં સ્પર્શનં નૈવ કસ્યચિત્[૨] ।।

તે પછી શુદ્ધ રેશમી વસ્ત્ર ધારણ કરીને, પગમાં પાદુકા પહેરીને ઘરે આવવું. ઘરે આવતાં વચ્ચ કોઈનો પણ સ્પર્શ ન કરવો.

કુંકુમસ્યોર્ધ્વપુંડ્રાણિ દ્વાદશાંગેષુ નામભિઃ ।।૯૮।।
શંખ-ચક્રાદિ-મુદ્રાશ્ચ ગોપી-ચન્દન-મૃત્સ્નયા ૩ ।।

બારે અંગો ઉપર ભગવન્નામના ઉચ્ચારણ પૂર્વક પ્રસાદી કંકુથી ઊર્ધ્વપુંડ્ર તિલક કરવા. ગોપીચન્દનની માટીથી શંખ-ચક્ર વગેરે સામ્પ્રદાયિક મુદ્રાઓ પણ અંકિત કરવી. આમ કરવાથી ઈન્દ્રિયોની ભગવત્સેવાયોગ્ય આધ્યાત્મિક શુદ્ધિ થાય છે.

ચરણામૃતપાનં ચ લેપશ્ચાપિ વિશુદ્ધયે[૪] ।।૯૯।।
તતસ્તુ તુલસીમાલાં ધૃત્વા[૫] સન્ધ્યાં સમાચરેત્[૬] ।।

તે પછી પ્રભુના ચરણામૃત-જલનું પાન અને શરીર ઉપર લેપ-છંટકાવ કરવો. તે પછી તુલસીની માળા-કંઠી ધારણ કરીને સન્ધ્યા-જપ વગેરે કરવા. (તુલસીમાળા ધારણ કરવા બાબત શાસ્ત્રમાં બન્ને પરમ્પરા જોવા મળે છે ૧. નિત્ય અને ૨. સેવાંગ.)

(૪. ભગવત્સેવારમ્ભવિધિ)

પરિચર્યા હરેઃ કાર્યા પરિવારજનૈઃ સહ ।।૧૦૦।।
ગત્વા હરિપદં પદ્ભ્યાં સ્તુત્વા દ્વારં પ્રણમ્ય ચ ।।

પ્રવિશ્ય માર્જનૈર્લેપૈઃ પાત્રાણાં શોધનં ચરેત્ ।।૧૦૧।।

પરિવારજનોની સાથે હળી-મળીને પ્રભુની સેવા-પરિચર્યા કરવી. પગે ચાલીને પ્રભુના બિરાજવાના સ્થાનમાં જવું. ભગવન્મન્દિરના દ્વારે સ્તુતિ-પ્રણામ કરીને મન્દિરની અંદર પ્રવેશવું. સોના-ચાંદીના પાત્રોને માંજીને અને માટીના પાત્રોને લીંપીને શુદ્ધ કરવા.

(૫. ભગવત્પ્રબોધન)

સમ્ભૃત્ય સર્વસમ્ભારં પ્રાતરાશાદિપૂર્વકમ્ ।।
પ્રબોધ્ય શ્રીહરિં પ્રેમ્ણા મુખશુદ્ધ્યંશુકાદિભિઃ ।।૧૦૨।।
અલંકૃત્ય તતઃ સિંહાસને સમુપવેશયેત્ ।।

મંગલભોગ, જલપાનની ઝારી વગેરે બધી વસ્તુઓ પહેલેથીજ સાજીને રાખવી. તે પછી પ્રભુને પ્રેમથી જગાવવા. આચમન-મુખવસ્ત્ર કરાવીને અસ્તવ્યસ્ત થયેલા આભૂષણોને વ્યવસ્થિત કરીને પ્રભુને સિંહાસન ઉપર પધરાવવા.

(મંગલભોગ, આરતી, સ્નાન, શૃંગાર ની વિધિ)

હૈયંગવીનપક્વાન્નૈઃ તામ્બૂલૈઃ સુજલૈર્યજેત્ ।।૧૦૩।।
તતો નીરાજનં કાર્યં મંગલં ગીતવાદ્યકૈઃ ।।

મંગલભોગમાં તાજું માખણ, ઠોર-મઠળી વગેરે પક્વાન્ન તથા સુમધુર તાજું જલ સમર્પવું. તે પછી ભોગ સરાવીને બીડાં સમર્પવા. સમયાનુરૂપ વાદ્ય સહિત મંગલાના કીર્તન કરવા. મંગલ આરતી કરવી.

અભ્યંગોન્મર્દનૈઃ સ્નાનં ગૃહસ્નાનવિધાનતઃ ।।૧૦૪।।
સ્તુત્વા કલિન્દજાં સ્નાતે કુર્યાત્ સમ્પ્રોંછનાંશુકમ્ ।।

સુગન્ધિત તેલ-આંબળા-ચન્દન-કેશર આદિ સમર્પીને, ઘરમાં સ્નાન કરવાના શાસ્ત્રીય વિધાનથી, શ્રીયમુનાજીની સ્તુતિ કરીને પ્રભુને સ્નાન કરાવવું. તે પછી અતિ કોમળ સૂતરાઉ વસ્ત્રથી શ્રીઅઙ્ગને પોંછવું.

(શૃંગાર ધરાવવા, બીડાં ધરવા, આરસી દેખાડવી, ઋતુ-કાલાનુસાર સજાવટ ધરવી, પછી ગાતાં-વગાડતાં દૂપ-દીપ-આરતી કરતી વખતે જો પરિવારજનો જો ભક્ત હોય તો તેમને દર્શન કરાવવા હોય તો કરાવવા)

શૃંગારં રંજિતૈર્ વસ્ત્રૈઃ ચિત્રૈરાભરણૈરપિ ।।૧૦૫।।
માયૂરમુકુટૈ રમ્યૈઃ વેણુવેત્રૈઃ સુમાલ્યકૈઃ ।।
વિતાનૈઃ પ્રસરૈઃ શુભ્રૈઃ પ્રતિસારૈર્નવૈર્નવૈઃ ।।૧૦૬।।
જલ-ક્રીડોપસ્કરૈશ્ચ તામ્બુલામોદ-દર્પણૈઃ ।।

વ્યજનૈર્ જલભૃંગારૈઃ દેશકાલાનુસારિભિઃ ।।૧૦૭।।
અલંકૃત્યૈવ સપ્રેમ સ્વીયાન્ ભક્તાન્ પ્રદર્શયેત્ ।।
તૌર્યત્રિકેન તત્રાપિ ધૂપ-દીપાદિનાર્તિકમ્ ।।૧૦૮।।

તે પછી ઋતુ-કાલના અનુસાર રંગીન વસ્ત્ર, વિવિધ આભરણ, સુન્દર મોરપંખનું મુકુટ, બંસી-છડી, સુન્દર માલા અને નવીન-નવીન આભૂષણ થી પ્રભુના શૃંગાર કરવા. ઉજ્વલ ચન્દોવા, બિછોના, પિછવાઈ અને જલક્રીડાની વસ્તુ વગેરે સજાવવી. તે પછી નૃત્ય-ગીત-વાદ્ય સહિત ધૂપ-દીપ-આરતી કરતી વખતે જો નિજજન ભક્ત હાજર હોય તો તેઓને દર્શન કરાવવા હોય તો કરાવવા.

(૬. ભોગ સમર્પણ, અવશિષ્ટ સન્ધ્યાજપાદિ)

તતો નાનાવિધૈઃ શુદ્ધૈશ્ચતુર્વિધ-સુભોજનૈઃ ।।
સમ્ભૃતં સ્વર્ણપાત્રન્તુ હરેરગ્રે નિવેદયેત્ ।।૧૦૯।।

તે પછી વિવિધ પ્રકારના લેહ્ય, ચોષ્ય, પેય તેમજ ખાદ્ય એમ ચારે પ્રકારના શુદ્ધ સ્વાદિષ્ટ ભોજનથી પૂર્ણ સોનાના પાત્રોને શ્રીહરિની સમ્મુખ પધરાવવા.

તુલસીં શંખ-તોયેન ગાયત્યાસ્મિન્ નિધાય ચ ।।
"એતત્ સમર્પિતં દેવ ભક્ત્યા મે પ્રતિગૃહ્યતામ્" ।।૧૧૦।।
રાજભોગં સમર્પ્યૈવં, બહિર્ગોગ્રાસમ્ આચરેત્ ।।
તતોઽવશિષ્ટં જાપ્યાદિ માધ્યાહ્નિકમ્ ઈહાચરેત્ ।।૧૧૧।।

તે પછી ગાયત્રી મન્ત્રના ઉચ્ચાર પૂર્વક શંખના જલથી ભોગના પાત્રોમાં તુલસી પધરાવીને વિજ્ઞપ્તિ કરવી : "હે દેવ ! મારાદ્વારા ભક્તિભાવથી સમર્પિત આ ભોગ-સામગ્રીનો સ્વીકાર કરો". આ પ્રમાણે રાજભોગ સમર્પીને (શ્રીનન્દરાયજી-શ્રીયશોદાજી શ્રીકૃષ્ણને ભોજન કરવવાથી પહેલાં ભૂતયજ્ઞના શાસ્ત્રીય વિધાન અનુસાર ગોગ્રાસ આપે છે તે ભાવથી) બહાર ગોગ્રાસ આપવો. તે પછી નિયમાનુસાર કરવાના બાકી રહી ગયેલા જપ વગેરે કરવા.

(૭. રાજભોગ આરતી અને સેવાનવસરના કાર્યો)

તતસ્ત્વાચમનં દત્વા તામ્બૂલં માલ્યજાં સ્રજમ્ ।।
અપસાર્ય વિશોધ્યાત્ર નૈવેદ્યં જલમાનયેત્ ।।૧૧૨।।

તે પછી સમય થયે પ્રભુને આચમન કરાવીને બીડાં, પુષ્પમાલા-પુષ્પગુચ્છ સમર્પવા. ભોગ સમર્પ્યા હોય તે સર્વે સરાવીને તે સ્થાનને શુદ્ધ કરવું. પ્રભુને આરોગવાના જલની ઝારી પધરાવવી.

તતો રાજવિભૂતીનામ્ આદર્શૈશ્ચામરૈર્ભજેત્ ।।
ગીતાદ્યુત્સવતો હ્યેનં નીરાજ્ય ચ પ્રણમ્ય ચ ।।૧૧૩।।

હૃદિ કૃત્વા પિધાયાસ્ય મન્દિરં બહિરાવ્રજેત્ ।।
સ્રગ્-ગન્ધાદિ શિરો-ધૃત્વા પ્રણમ્યૈવ ગૃહં વ્રજેત્ ।।૧૧૪।।
માધ્યાહ્નિકં સમાપ્યૈવ શ્રીમદ્ભાગવતં પઠેત્ ।।

તે પછી રાજાધિરાજ પ્રભુને દર્પણ દેખાડવું, ચામર કરવી, પ્રભુની આગળ નૃત્ય-વાદ્ય સહિત કીર્તનનું ગાન કરવું. મધ્યાહ્ન આરતી કરીને પ્રભુને પ્રણામ કરવા. ભાવનાથી પ્રભુને હૃદયમાં પધરાવીને ભગવન્મન્દિરના દ્વારોને મઙ્ગલ કરીને બહાર આવવું. ભગવત્પ્રસાદી માલા-બીડાં-ચન્દન વગેરેને આદર પૂર્વક માથે ચઢાવીને દ્વારને પ્રણામ કરીને (પોતાના જ ઘરપરિસરમાં સ્થિત ભગન્મન્દિરથી જુદા પોતાના) નિવાસસ્થાનમાં જવું. મધ્યાહ્નકાલીન કર્મને પૂર્ણ કરીને શ્રીમદ્ભાગવત વાંચવું.

(૮. મહાપ્રસાદ લીધા પછી કરવાના કાર્યો)

તતો ભક્તજનેભ્યોઽસ્ય પ્રસાદં શક્તિતો ભજેત્ ।।૧૧૫।।
સમાગતેભ્યો વિપ્રેભ્યો દીનેભ્યશ્ચ યથાયથમ્ ।।
દત્વા સ્વીય-જનૈર્ભુક્તિઃ વૈશ્વદેવોઽપિ તત્ર વૈ ।।૧૧૬।।

તે પછી ઘરે આવેલા ભક્તજનોને પ્રભુનો મહાપ્રસાદ શક્તિ અનુસાર આપવો. તે જ પ્રમાણે અભ્યાગત બ્રાહ્મણ તેમજ ગરીબ જનોને પણ યથાયોગ્ય મહાપ્રસાદ-દાન-દક્ષિણા આપવા. વૈશ્વદેવ પણ મહાપ્રસાદથી કરવો. તે પછી પરિવારજનોની સાથે પ્રભુનો મહાપ્રસાદ લેવો.

તતો વાર્તાં સ્વકીયાનાં બહુ-પાપૈરનાકુલામ્ ।।
યાત્રાર્થમેવ સેવેત નાભિવેશોઽત્ર સઞ્ચરેત્ ।।૧૧૭।।
સમ્પન્ન-વૃત્તિઃ ભક્તાનાં શાસ્ત્રાણિ પરિભાવયેત્ ।।
સર્વથા વૃત્યભાવેતુ યામમાત્રં ભજેદ્ હરિમ્ ।।૧૧૮।।
દરિદ્રશ્ચ કુટુમ્બાર્તઃ વિદ્વાન્ ભાગવતં પઠેત્ ।।
અવિદ્વાનસ્ય સેવાયાં સાહાય્યં શ્રવણં ચ વા ।।૧૧૯।।

તે પછી બહુ પાપથી ચિત્ત વ્યાકુળ ન બને એવી જીવનવ્યવહારને ચલાવવામાં ઉપયોગી તેમજ અનિવાર્ય હોય તેવી પરિવારજન સમ્બન્ધિ વાત-ચીત કરવી. તેમાં પણ, પરન્તુ, મનનો અભિનિવેશ / લગાવ ન રાખવો. ધનસમ્પન્ન ભક્તોએ સેવાના અનવસરમાં શાસ્ત્રનું અવગાહન કરવું. ધનસમ્પન્ન ન હોય તો એક સમય પ્રભુની સેવા કરીને બાકીના સમયમાં આજીવિકાનો ઉપાય કરવો. તેમાં પણ જો અસમર્થ એવો કોઈ અત્યન્ત ગરીબ ભક્ત હોય અને વળી પારિવારિક પ્રતિબન્ધવાળો હોવાથી જો એક સમય પણ ભગવત્સેવા કરી શકે તેમ

ન હોય તો, ભણેલો-ગણેલો હોય તો, ભાગવતનો પાઠ કરે. જો ભણેલો ન હોય તો કોઈ પરિચિત વિદ્વાન્ ભક્ત પ્રભુસેવા કરતો હોય તેની પરિચર્યા કરે અને તે જ્યારે ભગવદ્ગુણગાન, ભગાવતપાઠ આદિ કરતો હોય ત્યારે તેનું શ્રવણ કરે.

(૯. સાયંકૃત્યકે પાછેં પ્રભૂનકે ઉત્થાપનકો પ્રકાર)

સાયંસન્ધ્યાથ પુણ્ડ્રાણિ ધૃત્વા તામ્બૂલતો મુખમ્ ।।
સંશોધ્યાચમ્ય શુદ્ધોઽસૌ પ્રભોરુત્થાપનં ચરેત્ ।।૧૨૦।।
કન્દમૂલૈઃ ફલૈર્ગવ્યૈઃ સુમાલ્યૈઃ સુજલૈરપિ ।।
સન્તોષ્ય મુરજાદીનાં સઙ્ગીતેનાપિ તોષયેત્ ।।૧૨૧।।
ગાયેદ્ ભક્તકૃતૈઃ પદ્યૈઃ હૃદ્યૈર્લીલારહસ્યકૈઃ ।।
તતો નીરાજયેન્ નાથમ્ આયાન્તં વ્રજમણ્ડલે ।।૧૨૨।।

તે પછી આચમન કરીને, પાન-બીડાં વડે મુખશુદ્ધિ કરીને, ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરીને, સાયંકાલીન સન્ધ્યા કરવી. આ પ્રમાણે શુદ્ધ બનીને પ્રભુની ઉત્થાપન સમયની સેવામાં જવું. ઉત્થાપન ભોગમાં કન્દમૂલ, ફળ, દૂધ-દહી વગેરે સમર્પવા. માલા ધરાવવી. નવીન જલથી ઝારી ભરવી. મૃદંગ વગેરે વાદ્ય-સંગીતથી પ્રભુને પ્રસન્ન કરવા. હૃદયના ભાવથી ભક્તોદ્વારા રચિત લીલા-રહસ્યના પદ્યોથી ભગવલ્લીલાનું ગાન કરવું. તે પછી વ્રજમણ્ડલમાં પધારી રહેલા પ્રભુની આરતી કરવી.

(૧૦. શયનભોગ, શયનારતી આદિ કૃત્ય)

સાયંકાલેઽપિ નૈવેદ્યં યથા-વિભવ-વિસ્તરઃ ।।
નીરાજનં ચ શયનં યથાયોગ્યં વિભાવયેત્ ।।૧૨૩।।

સાંજના સમયે પણ શક્તિ અનુસાર વિસ્તારથી ભોગ આદિ ધરવા, આરતી કરવી અને પ્રભુને શયન કરાવવા.

(૧૧. સુવાથી પહેલાંના કર્મો)

સાયંસન્ધ્યા-ઽઽહુતીશ્ચાપિ કૃત્વા ભુક્ત્વા નિવેદિતમ્ ।।
કથયેદ્ શૃણુયાદ્ વાપિ લીલાં ભગવતોઽન્વહમ્ ।।૧૨૪।।
તતઃ શયીત શુદ્ધોઽસૌ ભાવયન્ ભગવત્પદમ્ ।।
સુતાર્થિની સ્વપત્ની ચેદ્ વ્રજેત્ તાં જેતુમિન્દ્રિયમ્ ।।૧૨૫।।
ઈત્યેવં યસ્ય દિવસા યાન્તિ ભક્તસ્ય ભૂતલે ।।
સએવ કૃતકૃત્યોઽસ્તિ હરિસ્તમનુશિલષ્યતિ ।।૧૨૬।।

તે પછી સાંજના સમયે સન્ધ્યા-હોમ કરીને પ્રભુને નવેદિત કરેલ મહાપ્રસાદનું ભોજન કરીને દિવસના પાછલા સમયમાં પ્રભુની લીલાઓનું શ્રવણ-કીર્તન કરવું.

આ પ્રકારે આખો દિવસ ભગવદેકતાનતામાં વીતાવનારો શુદ્ધ ભક્ત ભગવાનના ચરણોનું ભાવન કરતો-કરતો શયન કરે. પત્ની જો પુત્રની કામનાવાળી હોય તો પોતાની ઈન્દ્રિયો અસંયત બની ન જાય તેવી ભાવનાથી તેની પાસે જાય. આ પ્રકારે ભૂતલ ઉપર જે ભક્ત પોતાનો દિવસ વ્યતીત કરે છે તે ચોક્કસ કૃતકૃત્ય બને છે, શ્રીહરિ તેને અવશ્ય પ્રાપ્ત થાય છે.

(ગ્રન્થનો ઉપસંહાર)

ઈત્યેવં ભક્તિશાસ્ત્રેષુ યદાચારો નિરૂપિતઃ ।।
તદાચારં ભજેદત્ર નાન્યથા ગતિરિષ્યતે ।।૧૨૭।।

ઈતિ શ્રીમદ્ભગવદ્વદનાવતાર-શ્રીવલ્લભદીક્ષિતતનુજ-
શ્રીગોપીનાથ-દીક્ષિત-વિરચિતા
સાધનદીપિકા સમાપ્તા

આ પ્રકારે આ ભક્તિશાસ્ત્રમાં જે આચારનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આચારનું અનુસરણ કરવું. આથી અન્ય પ્રકારનું આચરણ પુષ્ટિભક્તિમાર્ગીય ભક્તને માટે ઈષ્ટસિદ્ધિ આપનારું નથી.

ઈતિ શ્રીમદ્ભગવદ્-વદનાવતાર-શ્રીવલ્લભદીક્ષિત-તનુજ-
શ્રીગોપીનાથ-દીક્ષિત-વિરચિત સાધનદીપિકાનો
ગુજરાતી ભાષા ભાવાનુવાદ સમાપ્ત થયો.

।। સૌન્દર્યપદ્યમ્ ।।

સૌન્દર્યં નિજહૃદ્ગતં પ્રકટિતં સ્ત્રીગૂઢભાવાત્મકં
પુંરૂપઞ્ચ પુનસ્તદન્તર્ગતં પ્રાવીવિશત્ સ્વપ્રિયે ।
સંશ્લિષ્ટાવુભયોર્બભૌ રસમયઃ કૃષ્ણો હિ યત્ સાક્ષિકં
રૂપં તત્ ત્રિતયાત્મકં પરમભિધ્યેયં સદા વલ્લભમ્ ।।

।। ઈતિ શ્રીગોપીનાથપ્રભુચરણવિરચિતં સૌન્દર્યપદ્યમ્ ।।

શ્રીગોપીનાથપ્રભુચરણ વિરચિત

નિત્યસેવાવિધિશ્લોક

(બેગ સવેરે ઉઠિકે વિધિપૂર્વક સ્નાન કરીકે આચાર્યજીકે સ્મરણ પૂર્વક પ્રભૂનકે મન્દિરકોં નમસ્કાર કરીકે પ્રાર્થના કરની)

૧.*"પ્રાતરુત્થાય સવિધાનં સ્નાત્વા શ્રીમદાચાર્યાન્ સ્મૃત્વા ભગવન્મન્દિરં પ્રાર્થયિત્વા નમસ્કૃત્ય માર્જનાદિકં કુર્યાત્".*

ભગવદ્ધામ! ભગવન્! નમસ્તેઽલઙ્કરોમિ તત્।।
અઙ્ગીકુરુ હરેરર્થે ક્ષાન્ત્વા પાદોપસ્પર્શનમ્।।૧।।

(તા પાછેં ભગવન્મન્દિરમેં બુહારી-મન્દિરવસ્ત્ર કરને)

માર્જનં કૃષ્ણગેહસ્ય મનોવિક્ષેપકં રજઃ।।
નાશમેતિ તદર્થં ચ માર્જયામિ તથાસ્તુ મે।।૨।।
આત્મનોઽજ્ઞાનરૂપસ્ય દુરિતસ્ય ક્ષયાય હિ।।
કરોમિ સેકોપલેપૌ ત્વદ્ગૃહે ગોકુલેશ્વરઃ।।૩।।

(તા પાછેં પ્રભૂનકોં બિરાજવેકું સિંહાસનાદિક તૈયાર કરને)

૨.*"તતઃ સિંહાસનાસ્તરણં કુર્યાત્".*

સિંહાસનં મદ્ધૃત્પદ્મ-રૂપં સજ્જીકરોમ્યહમ્।।
શ્રીગોપીશોપવેશાર્થં તથા તદ્યોગ્યતાં ભજ।।૪।।

(તા પાછેં પ્રભૂનકે જલપાનકી ઝારી વં અરોગવેકે પાત્રાદિક સાજને)

૩.*"તતઃ પાત્રાણિ સજ્જીકુર્યાત્".*

[૧]ઈદં પાનીયપાત્રાણિ વ્રજનાથાય કલ્પિતમ્।।
રાધાધરાત્મકત્વેન ભૂયાત્ તદ્રૂપમેવ તત્।।૫।।
[૨]સ્વામિનીકરરૂપાણિ ભાવસ્વર્ણમયાનિ વૈ।।

૧.('પાનીયપાત્રમ્'ઈત્યાખ્યં) શ્લોકાન્તરં શ્રીમત્પ્રભુવિરચિતસેવાવિધેઃ ગ્રન્થકર્તુઃ .

૨."શ્રીમત્પ્રભુવિરચિતસેવાવિધિશ્લોકઃ સ્વામિનિઈતિ" દ્રશ્રીગોપેશ્વરચરણાઃ.

શ્રીકૃષ્ણભોજ્યપાત્રાણિ સન્તુ તે મત્કૃતાનિ હિ।।૬।।

(તા પાછેં વિજ્ઞપ્તિ કરીકે પ્રભૂનકું શય્યાપેસું જગાવને)

૪.*"તતઃ શય્યાતો વિજ્ઞાપ્ય ઉત્થાપયેત્".*

ઉદેતિ સવિતા નાથ! પ્રિયયા સહ જાગૃહિ।।
અઙ્ગીકુરુષ્વ મત્સેવાં સ્વકીયત્વેન માં વૃણુ।।૭।।

(તા પાછેં પ્રભૂનકું સિંહાસનપેં પધરાવને)

૫.*"તતઃ સિંહાસને ઉપવેશયેત્".*

ક્રીડાત્મસાધનયુત મદ્ધૃદ્ધામાક્ષરાત્મકમ્।
આસ્થાય ગોકુલાધીશ! રમસ્વ કૃપયા મયિ।।૮।।
ભાવાત્મકતયા ક્લૃપ્ત સ્વોત્તરીયાત્મકાસને।।
સિંહાસને ગોકુલેશ! કૃપયોપવિશ પ્રભો।।૯।।

(તા પાછેં નમન કરનો)

૬.*"તતો નમસ્કુર્યાદ્".*

યાદશોઽસિ હરે! કૃષ્ણ! તાદશાય નમોનમઃ।।
યાદશોસ્મિ હરે! કૃષ્ણ! તાદશં માં હિ પાલય।।૧૦[૩]।।

(દાસ્યભક્તિકો નિરૂપણ કરત હેં. તહાં પ્રથમ શ્રીસ્વામિનીજીકોં નમન)

નમો નમોઽસ્તુ તે રાધે! શ્રીકૃષ્ણરમણપ્રિયે!।।
સ્વપાદપદ્મરજસા સનાથં કુરુ મચ્છિરઃ।।૧૧।।

(તા પાછેં શ્રીઆચાર્યજીકોં નમસ્કાર કરનો)

૭.*"તતઃ શ્રીમદાચાર્યાન્ નમસ્કુર્યાત્".*

---

૩. "એવં શ્રીમત્પ્રભુવિરચિતસેવાવિધિ નવશ્લોક્યુક્તવન્દનભક્તિઃ ઈતિ ઉક્તં ... વન્દનભક્તિઃ નવશ્લોક્યા વિવૃતા. અધુના દાસ્યભક્તિઃ સિદ્ધાન્તમુક્તાવલ્યુક્તા વિતન્યતે સ્મ "હરિતુર્યપ્રિય" ઈતિ શ્લોકદ્વયં મર્યાદીકૃત્ય ગ્રન્થકર્તૃભિઃ" દ્રશ્રીગોપેશ્વરચરણાઃ

ચિન્તાસન્તાનહન્તારો યત્પાદામ્બુજરેણવઃ।।
સ્વીયાનાં તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ।।૧૨।।

(તા પાછેં મઙ્ગલભોગ આરોગવેકોં વિજ્ઞપ્તિ કરની)
૮.*“તતઃ પાત્રે સામગ્રીં સંસ્થાપ્ય, વિજ્ઞાપ્ય સમર્પયેત્”.*
વ્રજસ્ત્રીકરયુગ્માત્મદ્યન્ત્રે પાત્રં ચ તન્મયમ્।।
સ્થાપિતં તે ભોજનાર્થં યોગ્યભોજ્યાન્નસમ્ભૃતમ્।।૧૩।।
ભુઙ્ક્ષ્વ ભાવૈકસંશુદ્ધદ્દધિદુગ્ધાદિમોદકાન્।।
પ્રિયં તે નવનીતં ચ રાધયા સહિતો હરે!।।૧૪।।
ભાષણં મા ત્યજ પ્રાણપ્રિયે ગોપવધૂપતેઃ।।
ત્વન્મુખામોદસુરભિદ્ભોજ્યં ભુંક્તેऽધિકં પ્રિયઃ।।૧૫।।
રાધાધરસુધાપાતુઃ કિમન્યન્ મધુરાયતિમ્।।
યન્નિવેદ્યં તદપ્યેતન્ નામસમ્બન્ધતો ભવેત્।।૧૬।।
પ્રિયામુખામ્બુજામોદ-સુરભ્યન્નમ્ અતિપ્રિયમ્।।
અઙ્ગીકુરુષ્વ ગોપીશ તદીયત્વાન્ નિવેદિતમ્।।૧૭।।
નિજાસ્ય નવલાસ્યેऽસ્મિન્ ચારુભોજ્યં મદર્પિતમ્।।
ભુઙ્ક્ષ્વ શ્રીગોકુલાધીશ! સ્વાધિવ્યાધી નિવારય।।૧૮।।
યશોદારોહિણીભાવાદ્ બલેન સહ બાલકૈઃ।।
ભુક્તં યથા બાલ્યભાવપ્રાકટ્યાદ્ ભુઙ્ક્ષ્વ મે તથા।।૧૯।।
સેવાર્થં દત્તગેહસ્ય નિજદાસસ્ય મે પ્રભો।
આગન્તવ્યં ભોજનાર્થં શ્રીકૃષ્ણ! કૃપયા ગૃહે।।૨૦।।
દેવકીવસુદેવશ્રીદ્બલરોહિણીસંયુતઃ।
શ્રીમન્નદયશોદાભ્યાં સમં મયિ કૃપાં કુરુ।।૨૧।।
નિઃકિઞ્ચનસ્ય દીનસ્ય ગુણહીનમપિ પ્રભો!।।
શુદ્ધાન્નં તત્ સ્વદત્તત્વાદ્ ભુંક્ષ્વગોકુલનાયક!।।૨૨।।

(સ્વદાસકોં ઉચ્છિષ્ટ પ્રદાન કરિવેકી પ્રાથના)
ભુક્ત્વા દત્ત્વાऽતિપ્રિયેભ્યો ભક્તેભ્યોऽતિપ્રિયં સદા।।
તદાત્મશોધકોચ્છિષ્ટં કૃતકૃત્યં ચ માં કુરુ।।૨૩।।

શ્રીકૃષ્ણાન્તરસ્વરૂપ! સ્વકીયસ્ય ગૃહે મમ।
આગત્ય ભોજનં કૃત્વા કૃતાર્થં કુરુ માં પ્રભો!।।૨૪।।

(જલ અરોગાયવેકી ભાવના) ૮.*“તતો જલમ્ અર્પયેત્”.*
પ્રિયારતિશ્રમપરિદ્મલિતં વારિ યામુનમ્।।
સમર્પયામિ તત્પાનં કુરુ શ્રીકૃષ્ણ! તાપહૃત્।।૨૫।।

(આચમન કરાવનો તથા વાકી ભાવના)
૯.*“તતો આચમનં કારયેદ્”.*
કુરુષ્વાચમનં કૃષ્ણ! પ્રિયયામુનવારિણા।।
સ્નેહાત્મદન્તસક્તાન્યદ્ભાવાપાકરણાત્મકમ્।।૨૬।।

(મુખવસ્ત્ર કરાવનો તથા વાકી ભાવના)
સ્નેહાદ્ રતિશ્રમજલદ્પ્રોઞ્છદ્ રાદ્રાધાકરાઞ્ચલમ્।।
સ્મૃત્વા-ऽऽનન્દભરાન્ નાથ! કુરુ શ્રીમુખમાર્જનમ્।।૨૭।।

(બીરી અરોગાવની તથા વાકી ભાવના) ૧૦.*“તતઃ તામ્બૂલમ્ અર્પયેત્”.*
તામ્બૂલં સ્વપ્રિયાવક્ત્રદ્સૌરભ્યરતિસંયુતમ્।।
ગૃહાણ ગોકુલાધીશ! તત્કપોલાભપાણ્ડુરમ્।।૨૮।।

(તા પાછેં મઙ્ગલા સમયકી આરતી ઉતારિકે, શૃઙ્ગાર વડે કરીકે, શૃઙ્ગાર ધરવેકી વિજ્ઞપ્તિ કરિકે સ્નાનાદિક કરાવને)
૧૧.*“તતઃ આરાત્રિકં કૃત્વા શૃઙ્ગારાર્થં વિજ્ઞાપ્ય સ્નાનાદિકં કારયેદ્”.*
રમણાતિભરાદ્ રાત્રૌ વસ્ત્રાણ્યાભૂષણાનિ હિ।
મૃગજાનિ ચ વસ્ત્રાણિ પ્રસીદોત્તારયામિ તે।।૩૦।।
પ્રિયાઙ્ગ-સઙ્ગ-સમ્બન્ધિ-ગન્ધ-સમ્બન્ધતો ભવેત્।।
કદાચિત્ કસ્યચિદ્ ભાવો યતઃ સ્નાનં સમાચર।।૩૦।।
સ્નેહાત્મગન્ધતૈલેન પ્રિયાગન્ધાતિચારુણા।।
અભ્યક્તો મઙ્ગલસ્નાનં કુરુ ગોકુલનાયક!।।૩૧।।

સ્નેહાત્મગન્ધતૈલસ્ય લાપનાદ્ ગોકુલાધિપ!।।
વિતરાત્યન્તિકીં ભક્તિં મયિ સ્નેહાત્મિકાં વિભો।।૩૨।।
શ્રીસુગન્ધોદ્વર્તનેન નિશાશ્રમનિવારણાત્।
ઉદ્વર્તિતઃ કૃષ્ણ! ભક્તિદાનેન કુરુ મે કૃપામ્।।૩૪।।
દિવા ત્વદ્વનગમનદ્વસ્મરણાત્ તાપભાવતઃ।।
ગોપિકાસ્પર્શનોષ્ણેન વારિણા સ્નાપયામ્યહમ્।।૩૫।।

(સ્નાન ભયે પાછેં શ્રીઅઙ્ગ પોંછનો તથા વાકી ભાવના)
સ્નાનાર્દ્રતાનિવૃત્ત્યર્થં પ્રોઞ્છિતાઙ્ગ! વિભો મમ।।
દૂરીકુરુષ્વ ગોપીશ! કૃપયા લૌકિકાર્દ્રતામ્।।૩૫।।

(શૃઙ્ગારકી ભાવના)
ગોપિકાવદ્ વિપ્રયોગે કાલક્ષેપાય સર્વથા।।
કૃષ્ણમૂર્તિં પ્રિયાં કૃત્વા ભજેત્ તત્-તત્સ્વભાવતઃ।।૩૬।।
ભાવોત્થવિપ્રયોગેઽપિ ન સ્થાતું શક્યતે યતઃ।।
અતઃ સ્વહૃદ્ગતૈર્ ભાવૈઃ ભૂષયેત્ તં મનોમયમ્।।૩૭।।
વ્રજેશ! રસરૂપાત્મન્! શૃઙ્ગારં રચયામ્યહમ્।।
સ્વીકુરુષ્વ ત્વદીયત્વાત્ સ્વપ્રિયાવત્ કૃતં નિશિ।।૩૮।।

(અઙ્ગરાગ ધરાયવેકી ભાવના)
કુચકુઙ્કુમગન્ધાઢ્યમ્ અઙ્ગરાગમ્ અતિપ્રિયમ્।।
શ્રીકૃષ્ણતાપશાન્ત્યર્થમ્ અઙ્ગીકુરુ મદર્પિતમ્।।૩૯।।

(વસ્ત્ર ધરાયવેકી ભાવના)
પ્રિયાઙ્ગતુલ્યવર્ણાનિ વસ્ત્રાણિ વ્રજનાયક!।।
સમર્પયામિ કૃપયા પરિધેહિ દયાનિધે!।।૪૦।।

(અલઙ્કાર ધરાયવેકી ભાવના)
ભૂષણાન્યવતારાત્મકાન્યેતાન્યર્પયામિ તે।।

પ્રિયાઙ્ગતુલ્યકાન્તીનિ પ્રસીદ વ્રજસુન્દર!।।૪૧।।
પ્રિયાનાસાભૂષણસ્થદ્વબૃહન્મુક્તાફલાકૃતિમ્।।
સમર્પયામિ રાધેશ! ગુઞ્જાહારમ્ અતિપ્રિયમ્।।૪૨।।
મિલિતાન્યોન્યાઙ્ગકાન્તિદ્વયાકચક્યસમં વિભો!।।
અઙ્ગીકુરુષ્વોત્તમાઙ્ગે કેકિપિચ્છમ્ અતિપ્રિયમ્।।૪૩।।
ગોપસ્ત્રીદક્સ્થિતં શ્રીમચ્છૃઙ્ગારાત્મકમઞ્જનમ્।।
શોભાર્થં માતૃવદ્ દત્તમ્ અઙ્ગીકુરુ વ્રજાધિપ!।।૪૪।।
કસ્તૂરીતિલકં ભાલે ચિત્રં ચારુ કપોલયોઃ।
દૃષ્ટ્વા પ્રિયાકૃતં હૃષ્ટઃ તથા મુદમ્ અવાપ્નુહિ।।૪૫।
મુખાબ્જમકરન્દાપ્તિદ્વલોભેન રસભાવતઃ।।
મધુપાયિતચિત્તાનિ વ્રજરત્નાનિ તાનિ તે।।૪૬।।

(માલા ધરાયવેકી ભાવના)
કુસુમાન્યર્પિતાનીશ! પ્રસીદ મયિ સન્તતમ્।।
કૃપાસંહૃષ્ટદગ્વૃષ્ટ્યા તદઙ્ગીકૃતિશોભિતઃ।।૪૭।।

(વેણુ ધરાયકે વેણુવાદનકી વિજ્ઞપ્તિ)
પ્રિયાકારણદૌત્યૈકદ્વભાવેનાતિપ્રિયં સદા।।
વેણું ધૃત્વાધરે કૃષ્ણ! પૂરય સ્વામૃતસ્વરૈઃ।।૪૮।।

(આરસી દિખાવની તથા વાકી ભાવના)
પ્રિયાનખાત્મકાદર્શે વિલોક્ય વદનામ્બુજમ્।।
વ્રજાધીશ! પ્રમુદિતઃ કૃપયા માં વિલોકય।।૪૯।।

(ગોપીવલ્લભભોગકો નિરૂપણ. તામેં પ્રથમ શૃઙ્ગાર ધરાયકે સિંહાસનપેં શ્રીકું પધારાયકે શ્રીકે સમ્મુખ સામગ્રી સાજની)

૧૨.“એવં શૃઙ્ગારં કૃત્વા સિંહાસને ઉપવેશ્ય સામગ્રીમ્ અગ્રે સ્થાપ્ય “વ્રજસ્ત્રીકર ...” ઈત્યાદિસાર્ધપદ્યેન વિજ્ઞાપ્ય “ભાષણમ્...” ઈત્યાદિપદ્યદ્વયેન વિજ્ઞાપ્ય અનેન પદ્યેન સમર્પયેદ્”.

ગોપિકાભાવતઃ સ્નેહાદ્ ભુક્તં તાસાં ગૃહે યથા।।
મદર્પિતં તથા ભુઙ્ક્ષ્વ કૃપયા ગોપિકાપતે!।।૫૦।।

(તા પાછેં આચમન-મુખવસ્ત્ર કરાયકે બીરા સમર્પિકે દુગ્ધફેન-ઘૈયા અરોગાયકે દૂધ સમર્પનો)

૧૩.*“તતો યથાવદ્ આચમનં કારયિત્વા તામ્બૂલમ્ અર્પયેત્. તતો દુગ્ધફેનં દુગ્ધઞ્ચ અર્પયેત્”.*

સ્વર્ણપાત્રે પયઃફેનદ્રપાનવ્યાજેન સર્વતઃ।।
અભ્યસ્યતિ પ્રાણનાથઃ પ્રિયાપ્રત્યઙ્ગચુમ્બનમ્।।૫૧।।
ગોપાર્પિતપયઃફેન-પાનં યદ્ભાવતઃ કૃતમ્।।
મદર્પિતપયઃફેન-પાનં તદ્ભાવતઃ કુરુ।।૫૨।।

(તા પાછેં ફેરિ આચમનાદિક કરાયકે ખીર આદિ ભોગ ધરાયવેકો તથા વાકી ભાવનાકો નિરૂપણ)

૧૪.*“તતઃ પુનઃ આચમનં કારયિત્વા તામ્બૂલમ્ અર્પયેત્. તતઃ પાયસાદિકમ્ અર્પયેત્”.*

વ્રજસ્ત્રીકૃતશૃઙ્ગારા-નન્તરં તદ્ગૃહે યથા।।
અભોજિ પાયસં તાભિઃ સહ ભુઙ્ક્ષ્વ તથૈવ મે।।૫૩।।

(તા પાછેં પુનઃ આચમનાદિક કરાયકે આરતી ઉતારની)

૧૫.*“તતઃ પુનઃ આચમનં કારયિત્વા તામ્બૂલમ્ અર્પયિત્વા*[૪]*આરાત્રિકં કુર્યાત્”.*

અમઙ્ગલનિવૃત્ત્યર્થં મઙ્ગલાવાપ્તયે તથા।।
કૃતમ્ આરાત્રિકં તેન પ્રસીદ પુરુષોત્તમ!।।૫૪।।

(બાલ ભગવત્સ્વરૂપકું પલના ઝુલાવને)

પ્રેમ્ણા મત્પ્રેંખશયન-દોલને શ્રીયશોદયા।
સિતાદ્યમ્ અર્પિતં ભુક્તં ભુંક્ષ્વેદં ચ તથૈવ મે।।૫૫।।

---

[૪] “તૃતીયમ્ આરાત્રિકમ્ ઇદં ક્વચિત્ લુપ્તમ્” દ્રશ્રીગોપેશ્વરચરણાઃ

(તા પાછેં ખિલોના સાજિકે પ્રભૂનકોં ખિલાવને)

૧૬.*“તતો અગ્રે ક્ષણં ક્રિડાર્થમ્ અક્ષાદીન્ નિવેદયેત્”.*

ક્રીડારૂપાત્મકૈર્ અક્ષૈઃ ક્રીડાર્થં સ્થાપિતૈઃ પ્રભો।।
ક્રીડાં કુરુ મહારાજ! ગોપિકાભિશ્ચ રાધયા।।૫૬।।

(પાછેં માલા વડી કરીકે ધૂપ-દીપ કરીકે રાજભોગ સમર્પને)

૧૭.*“તતો રાજભોગં સમર્પયેત્”.*

શ્રીમદ્રાધાઙ્ગસૌગન્ધ્યા-ગરૂધૂપાર્પણાદ્ વિભો!।।
ભાવાત્મકૃતસામગ્ર્યાં ભોગેચ્છાં પ્રકટીકુરુ।।૫૭।।
દીપઃ સમર્પિતો ભોગ્ય-રૂપાન્નાર્થપ્રદીપને।।
તદ્દીપનેન ચોદ્દીપ્ત-ભાવો ભોજનમાચર।।૫૮।।

(સુવર્ણાદિ વિભિન્ન ભોજનપાત્રનકી ભાવના)

વ્રજસ્ત્રીકરયુગ્માત્મ-યન્ત્રે પાત્રં ચ તન્મયમ્।।
સ્થાપિતં તે ભોજનાર્થં ભોગ્યભોજ્યાન્નસમ્ભૃતમ્।।૫૯।।
સ્વર્ણપાત્રેષુ દુગ્ધાદિ દધ્યાદ્યં રાજતેષુ ચ।।
મૃત્પાત્રેષુ રસાલાદ્યં ભોજ્યં સદ્રોચકાદિકમ્।।૬૦।।
રાજતે નવનીતં ચ પાત્રે હૈમે સિતા તથા।।
યથાયોગ્યેષુ પાત્રેષુ પાયસવ્યઞ્જનાદિકમ્।।૬૧।।
સૂપૌદનં પોલિકાદિ તથાન્નં ચ ચતુર્વિધમ્।।
ભુંક્ષ્વ ભાવૈકસંશુદ્ધં રાધયા સહિતો હરે!।।૬૨।।

(દષ્ટ્યાદિદોષનકે નિવારણાર્થ શંખોદકકો પ્રોક્ષણ)

કમ્બુનામ્નાતિપ્રિયશ્રી-શઙ્ખાન્તર્ગતવારિણા।।
દષ્ટ્યાદિદોષાભાવાય સામગ્રી પ્રોક્ષિતા વિભો!।।૬૩।।

(ભોગમેં તુલસી સમર્પની[૫]. પરમ્પરાનુસાર આચાર્યપાદુકાન્ કું ભોગ સમર્પને)

---

[૫] “ભાષણં મા ત્યજ” ઇતિ શ્લોકચતુષ્ટયેન સમર્પયેદ્” ઇતિ મૂલમ્. “તતઃ શ્રીમદાચાર્યેષુ સમર્પયેદ્” ઇતિ” દ્રશ્રીગોપેશ્વરચરણાઃ.

૧૮." "ભાષણં મા ત્યજ" ઈતિ શ્લોકચતુષ્ટયેન સમર્પયેદ્. તતઃ શ્રીમદાચાર્યેષુ સમર્પયેદ્".

પ્રક્ષિપ્તા તુલસી તેઽતિદ્વપ્રિયગન્ધા તથૈવ ચ।
કુરુષ્વ તેનાતિતુષ્ટો ભોજનં વ્રજનાયક!।।૬૪।।
સ્વાર્થપ્રકટસેવાખ્ય-માર્ગે શ્રીવલ્લભપ્રભો!।।
નિવેદિતસ્ય મે ભોજ્યં સ્વાસ્યે કુરુ હુતાશન!।।૬૫।।

(તા પાછેં આચમનાદિક કરાયકે, બીરી અરોગાયકે ભોગ પધરાય હોંય તહા મન્દિરવસ્ત્ર કરનો)
૧૯."તતો યથાવદ્ આચમનં કારયિત્વા તામ્બૂલમ્ અર્પયેત્. તતો ભોજનપાત્રસ્થલે માર્જનં કુર્યાદ્".

ગોકુલેશ તવોચ્છિષ્ટ-લેપાત્ પાત્રપ્રમાર્જનાત્।।
ત્વત્સેવાન્તરધર્મેષુ રતિર્ ભવતિ નિશ્ચલા।।૬૬।।

(પાછેં ભગવચ્ચરણારવિન્દન્મેં મહામન્ત્રોચ્ચારણ પૂર્વક તુલસી સમર્પની)
૨૦."તતઃ ચરણયોઃ તુલસીં સમર્પયેત્"
પ્રિયાઙ્ગગન્ધસુરભિ-તુલસીં તે પદપ્રિયામ્।।
સમર્પયામિ મે દેહિ હરે દેહમ્ અલૌકિકમ્।।૬૭।।
પ્રસીદ પૂજિતો ભક્ત્યા તુલસ્યા પ્રિયગન્ધયા।।
નિઃકિઞ્ચનાધીશ નાન્યત્ કર્તું શક્નોમિ સર્વથા।।૬૮।।

(પાછેં સિંહાસનકે આગેં પાદપીઠિકા-સીઢી સાજની)
હૃત્પઙ્કજાત્મકં સ્વર્ણં પાદપીઠં સમર્પિતમ્।।
પાદૌ ધૃત્વા ગોકુલેશ હૃત્તાપં સમપાકુરુ।।૬૯।।

(પાછેં માલા ધરાયકે, આરતી ઉતારિકે વિજ્ઞપ્તિ કરની)
૨૧."તતો આરાત્રિકં કૃત્વા વિજ્ઞાપયેદ્".
ભક્તાર્થાવિર્ભૂતરૂપ કૃષ્ણ! તે ચરણાબ્જયોઃ।।
સર્વાશુભવિનાશાર્થં ન્યસ્તઃ પુષ્પાઞ્જલિઃ શુભઃ।।૭૦।।
અમઙ્ગલનિવૃત્ત્યર્થં મઙ્ગલાવાપ્તયે તથા।।
કૃતમ્ આરાર્તિકં તેન પ્રસીદ પુરુષોત્તમ!।।૭૧।।

(મધ્યાહ્ન સમયમેં શયન તથા ગોચરણ કી ભાવના)
પ્રીતો દેહિ સ્વદાસ્યં મે પુરુષાર્થાત્મકં સ્વતઃ।।
ત્વદ્દાસ્યસિદ્ધૌ દાસાનાં ન કિઞ્ચિદ્ અવશિષ્યતે।।૭૨।।
એતાવદેવ વિજ્ઞાપ્યં સર્વથા સર્વદૈવ મે।।
ત્વમીશ્વરોસિ ગીતં તે ક્ષુદ્રોહં ન વિદામિ હિ।।૭૩।।
પરમકારુણિકો ન ભવત્પરઃ પરમશોચ્યતમો ન હિ મત્પરઃ।।
ઈતિ વિચિન્ત્ય સદા મયિ કિઙ્કરે
યદુચિતં વ્રજનાથ! તવાચર।।૭૪।।
કિયાન્ પૂર્વં જીવસ્ તદુચિતકૃતિશ્ચાપિ કિયતિ।।
ભવાન્ યત્ સાપેક્ષો નિજચરણદાસ્યે બત ભવેત્।।
અતઃ સ્વાત્માનં સ્વં નિરુપમમહત્ત્વં વ્રજપતે।।
સમીક્ષ્યાસ્મન્ નેત્રે શિશિરય નિજાસ્યામ્બુરસૈઃ।।૭૫।।
સ્વદોષાન્ જાનામિ સ્વકૃતિવિહિતૈઃ સાધનશતૈર્-
અભેદ્યાંસ્ત્યક્તું ચાપટુતરમના યદ્યપિ વિભો।।
તથાપિ શ્રીગોપીજનપદપરાગાઞ્ચિતશિરાઃ।।
ત્વદીયોઽસ્મીતિ શ્રીવ્રજનૃપ ન શોચામિ મુદિતઃ।।૭૬।।
પ્રિયાસઙ્કેતકુઞ્જીય-વૃક્ષમૂલેષુ પલ્લવૈઃ।।
કૃતેષુ ભાવતલ્પેષુ ક્રીડન્ ગોચારણં કુરુ।।૭૭।।
સેવિતોઽત્ર હરે રન્તું ગૃહે મદ્હૃદયાત્મકે।।
નિમીલયામિ દગ્દ્વારં વિલસૈકાન્તસદ્મનિ।।૭૮।।

(તા પાછેં પ્રભૂન્કે વસ્ત્રાદિક ધોવને) *૨૨."તતો વસ્ત્રપ્રક્ષાલનાદિકં કુર્યાદ્".*
વસ્ત્રપ્રક્ષાલનાદ્ દુષ્ટ-સંસર્ગજમનોમલમ્।।
મહત્સેવાબાધરૂપં મમ કૃષ્ણ! નિવારય।।૭૯।।

(તા પાછેં સંજા સમે ઉત્થાપન કરાયકે ફલાદિક સમર્પને)
૨૩."તતઃ ચતુર્થપ્રહરે પ્રસુપ્તં પ્રબોધ્ય ફલાદિકમ્ અર્પયેત્".
યથા ગોવર્ધને ભુક્તં ફલમૂલાદિકં હરે।।
રામેણ સખિભિઃ સાર્ધં પુલિન્દીભિઃ સમર્પિતમ્।।૮૦।।

તથા ફલાદિકં સર્વં ભુઙ્ક્ષ્વ ભાવાર્પિતં મયા।।
પુલિન્દીવદ્ ભાવદાનાત્ સાર્થકં જન્મ મે કુરુ।।૮૧।।

(પાછેં ભોગ સરાયકે આચમનાદિક કરાયકે વ્રજમેં પધારતે પ્રભૂન્કી વિજ્ઞપ્તિ કરની)

૨૪.*“તતો વ્રજ આગચ્છન્તં વિજ્ઞાપયેદ્”.*

બલભદ્રાદયો ગોપા ગાવશ્ચાગ્રે ચ પૃષ્ઠતઃ।।
ગોપિકાવેષ્ટિતો મધ્યે રણદ્વેણુર્ વ્રજાગમાત્।।૮૨।।
દિવા વિરહજં તાપં વ્રજસ્થાનાં યથા હૃતમ્।।
તથા મલ્લોચને નાથ! શિશિરીકુરુ સન્તતમ્।।૮૩।।

(તા પાછેં યથાશક્તિ દૂધઘર-બાલભોગકી સામગ્રી સમર્પની)

૨૫.*“તતો યત્કિઞ્ચિન્ મોદકાદિ સમર્પયેત્”.*

શ્રીમન્નન્દયશોદાદિ-પ્રેમ્ણા ભુક્તં વ્રજે યથા।।
ભોજનં કુરુ ગોપીશ! તથા પ્રેમાર્પિતં હરે।।૮૪।।

(તા પાછેં સંજા સમયકી આરતી ઉતારીકે, શૃંગારાદિક વડે કરિવેકી બિનતી કરીકે, શૃઙ્ગાર વડે કરીકે ઘૈયા તથા દૂધ અરોગાવને)

૨૬.*“તતો આરાત્રિકં કૃત્વા શૃઙ્ગારોત્તારણાર્થં વિજ્ઞાપ્ય, ઉત્તાર્ય, પયઃફેનં પયો વા સમર્પયેત્”.*

રાધિકાશ્લેષાન્તરાય-ભૂષણોત્તારણાત્ પ્રભો!।।
નિશિ તત્કૃતશૃઙ્ગારા-ઙ્ગીકારાર્થં પ્રસીદ મે।।૮૫।।
વ્રજે સ્વાનન્દતો દોહં બલેન સહ ગોપકૈઃ।।
કૃત્વા પીતં પયઃફેનં તથા પિબ વ્રજાધિપ!।।૮૬।।

(તા પાછેં તમોદીપ સમર્પિકે, શયનભોગમેં દૂધ-અન્નાદિ સમર્પને)

૨૭.*“તમોદીપં નિવેદ્ય, નિશિ દુગ્ધાન્નાદિ સમર્પયેત્”.*

વાસરીયવિયોગાર્ત-રાધિકાસ્યાવલોકને।।
દીપાર્પણાદ્ ગોપિકેશ! પ્રસીદ કરુણાનિધે।।૮૭।।
દુગ્ધાન્નાદિ યથા ભુક્તં રોહિણ્યુપહૃતં નિશિ।।
વ્રજનાયક ભોક્તવ્યં તથૈવ હિ મદર્પિતમ્।।૮૮।।

(તા પાછેં શયનભોગ સરાયકે, આરતી કરીકે, પૌઢવેકી બિનતી કરીકે પ્રભૂન્કોં પૌઢાવને)

૨૮.*“તતઃ તામ્બૂલાચમનાદિકં વિધાય, આરાત્રિકં કૃત્વા, શયનાર્થં વિજ્ઞાપ્ય, શયનં કારયેદ્”.*

ભાવાત્મકાસ્મદ્હૃદય-પર્યઙ્કે શેષરૂપકે।।
રમસ્વ રાધયા કૃષ્ણ! શયાનો રસભાવતઃ।।૮૯।।

(રાત્રિ અનવસરકી ભાવના)

અયિ વ્રજસખિ વ્રજ વ્રજવધૂકદમ્બામ્બિકા-
સમર્દ્દણફલીભવચ્ચરણપઙ્કજસ્યાન્તિકમ્।।
નિતમ્બમિલદમ્બરક્વણિતહેમદામાઙ્ગના-
વૃતસ્ય નલિનાવલીપ્રતિભટપ્રભસ્ય દ્રુતમ્।।૯૦।।
નિર્ભરં ક્રીડતોરાલિ! કુઞ્જે વિગતવાસસોઃ।।
અન્યોન્યપ્રભયૈવાસીદ્ અન્યોન્યસ્યોચિતાંશુકમ્।।૯૧।।
રતિશ્રમશયાનયોરલસલોચનામ્ભોજયોઃ।।
કલં કિમપિ કૂજતોરભિમુખં મિથઃ સસ્મિતમ્।।
રતાઙ્ગભરિતાઙ્કયોર્ મિલિતજાનુસંવાહને।।
પદામ્બુજતલાનિ મદ્હૃદિ લુઠન્તુ રાધેશયોઃ।।૯૨।।
કેલિશ્રાન્તશયાનશ્રીરાધાશ્રીશપદસરોજાનિ।।
કૃપયા કૃતાનિ મદુરસિ કદા નુ સંલાલયિષ્યેઽહમ્।।૯૩।।
પ્રાતઃ કુઞ્જગૃહાદ્ બહિર્યદિ સમાગત્ય સ્થિતા ત્વં
ભવસ્યમ્ભોજાક્ષિ દદાસિ ચર્વિતમિદં ચાકાર્ય હસ્તેન તુ।
તામ્બૂલસ્ય યદા પુનસ્તદિહ સચ્છિદ્રસ્ય મુક્ત્યાપિ ચ
કાર્યં કિં સતતં પ્રસીદસિ યદિ ત્વં સ્વામિનીત્થં તદા।।૯૪।।

ૠૠ---ૠૠૠૠૠ*

(સમ્પ્રદાયકે અનુસાર સાધન-ફલકે નિર્દેશ પૂર્વક ઉપસંહાર)

શ્રીવલ્લભાચાર્યમતે ફલં તત્પ્રાકટ્યમત્રાવ્યભિચારિહેતુઃ।।
પ્રેમૈવ તસ્મિન્ નવધોક્તભક્તિઃ તત્રોપયોગોઽખિલસાધનાનામ્।।૯૫।।
તતો યદિન્દીવરસુન્દરાક્ષીવૃતસ્ય વૃન્દાવનનન્દિતાંહ્રેઃ।।
સર્વાત્મભાવેન સદાસ્યલાસ્યમસ્યાનિશં સાનુ ફલાનુભૂતિઃ।।૯૬।।

---

* “એતાવતી શ્રીગોપીનાથજિતાં પદ્ધતિરૂપા કૃતિઃ” ૠશ્રીગોપેશ્વરચરણાઃ.

શ્રીગોપીનાથ પ્રભુચરણ
(પંચશતાબ્દિ મહોત્સવ)

પ્રકાશક : શ્રીવલ્લભચાર્ય ટ્રસ્ટ(માંડવી-કચ્છ)

શ્રીગોપીનાથપ્રભુચરણ પંચશતાબ્દિ મહોત્સવ

અન્તર્ગત

વર્તમાન વર્ષમાં યોજાનારા કાર્યક્રમો :

૧. સેમિનાર

૨. પ્રકાશન :

ચિત્રજી-સ્મારિકા-સાધનદીપિકા વિવેચન વગેરે

૩. 'સાધનદીપિકા' ગ્રન્થ ઉપર પ્રવચનમાળા

૪. શ્રીગોપીનાથજીના જીવનચરિત્રનું અનુસન્ધાન

૫. શ્રીગોપીનાથજીના બેઠકજીનું અનુસન્ધાન-નિર્માણની શક્યતા પર વિચાર.

૬. વિ.સં. ૨૦૬૭ માં આવનાર પ્રાકટ્યદિવસ પર વિશેષ આયોજન.

૭. અવૈતનિક-નિર્હેતુક શ્રીભાગવત પારાયણ-ચિન્તન

૮. ભાગવતી ચર્ચા

૯. બાલભાગવતમ્ :

બાલશિબિર-વક્તૃત્વ-પ્રદર્શની

માહિતિ-સ્વૈચ્છિક સહયોગ માટે પત્રાચાર :

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી-કચ્છ,
ગુજરાત, ૩૮૯૩૫૦